મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૨૦-૦૨-૨૦૨૬ શુક્રવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૩૦૫

પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગણીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગણીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

### ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારનો ઐતિહાસિક નિર્ણય : હવે ગેરકાયદેસર રીતે વેચાયેલી જમીન ૩ મહિનામાં જ મૂળ ખાતેદારને પરત મળશે

# ભૂમાફિયાઓ અને બેનામી સોદાઓ પર કડક પ્રહાર, ખેડૂતોને મળશે ઝડપી ન્યાય

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રમાં મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડા દ્વારા સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ ૧૯૪૯ની કલમ-૭૫ અને ૭૫(છ)માં સુધારા સૂચવતું વિધેયક વિધાનસભા ગૃહ ખાતે રજૂ કરવામાં આવ્યું હતું જે ગૃહમાં પસાર કરવામાં આવ્યું હતું.આ સુધારા વિધેયકને મહત્ત્વપૂર્ણ અને રાજ્યના ખેડૂતોના હિતોનું રક્ષણ કરનારું ગણાવતાં મંત્રીએ જણાવ્યું કે, આ સુધારા થકી જમીન વ્યવહારોમાં કાયદાકીય સ્પષ્ટતા આવશે અને ગેરકાયદે જમીન તબદીલી પર અંકુશ આવશે. ઁ સ મોદીના માર્ગદર્શનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે હંમેશાં ખેડૂતહિત એ જ સર્વોપરિના મંત્ર સાથે ખેડૂતોના અધિકારોના રક્ષણ અને તેમના સર્વાંગી ઉત્કર્ષ માટે અનેક ક્રાંતિકારી નિર્ણયો લીધા છે.



હાલ ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮, સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ ૧૯૪૯ તથા ગુજરાત ગણીત વહીવટ અને ખેતીની જમીન (વિદર્ભપ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ ૧૯૫૮-એ ત્રણ જુદા-જુદા ગણોત કાયદાઓ અમલમાં છે. વધુમાં મંત્રીએ ઉમેર્યું કે, સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ-૧૯૪૯ની કલમ-૭૫ હેઠળ જો કોઈ વ્યક્તિ કોઈ જમીનનો અનઅધિકૃત રીતે ભોગવટો અથવા ખોટી રીતે કબજો ધરાવતી હોય, તો જિલ્લા કલેક્ટર દ્વારા સંક્ષિપ્ત કાર્યવાહી કરીને જમીન ખાલી કરાવવાની જોગવાઈ છે. પરંતુ ગેરકાયદે તબદીલીના કિસ્સામાં પુનઃસ્થાપન અને સરકાર હસ્તક નિહિત કરવા અંગે સ્પષ્ટ પ્રક્રિયા નથી.

પ્રવર્તમાન જંત્રી કિંમતથી ત્રણ ગણી રકમનો દંડ ફટકારવાની જોગવાઈઃ ગુજરાત ગણોત એકટ નં.૨૮/૨૦૧૫, તા.૦૫/૧૨/૨૦૧૫થી ઉમેરવામાં આવેલ કલમ-૭૫(છ) હેઠળ જો ખેડૂત ન હોય, તેવી વ્યકિત અથવા કોઈ સંસ્થાની તરફેણમાં ખેતીની જમીનની તબદીલી થયેલી હોય, તો તેવી વ્યક્તિ અથવા સંસ્થા ઉપર આવી જમીનની પ્રવર્તમાન જંત્રી કિંમતની રકમથી ત્રણ ગણી રકમનો દંડ કરવાની જોગવાઈ છે. પરંતુ, દંડની રકમ ભરપાઈ કરવા માટે કોઈ સમય મર્યાદા નથી. હાલની જોગવાઈ પ્રમાણે કલમ-૭૫ હેઠળ ગેરકાયદે તબદીલ થયેલી જમીનના પુનઃસ્થાપન અને સરકાર હસ્તક નિહિત કરવા અંગે કાયદાકીય સ્પષ્ટતા નથી. જ્યારે, કલમ-૭૫(છ) હેઠળ દંડ ચૂકવવા માટે કોઈ સમયમર્યાદા ન હોવાથી ખેડૂતને તેની જમીન પાછી મળવામાં વિલંબ થાય છે.

તેમણે રાજ્યમાં અમલી અન્ય ગણોત કાયદાઓ સાથે એકરૂપતાની જરૂરિયાત દર્શાવી હતી. જ્યારે વિવિધ કાયદાકીય બાબતોમાં અસરકારક બચાવ શક્ય બનશે. આમ, આ તમામ કારણોસર આ સુધારા વિધેયક લાવવામાં આવ્યું છે જેથી કાયદામાં સ્પષ્ટતા આવે, પ્રક્રિયા સરળ બને અને ખેડૂતોના હિતોનું યોગ્ય રક્ષણ થાય. આ વિધેયકમાં મહત્ત્વપૂર્ણ સુધારા સૂચવતા મંત્રીએ જણાવ્યું કે હાલની જોગવાઈમાં ફક્ત અનઅધિકૃત કબજો ખાલી કરાવવાની જ જોગવાઈ છે. આ સુધારા દ્વારા હવે ગેરકાયદેસર તબદીલીના કિસ્સામાં સ્પષ્ટ અને વ્યવસ્થિત પ્રક્રિયા નક્કી કરવામાં આવી રહી છે. જે મુજબ, કલેક્ટર આપમેળે અથવા જમીનમાં હિત ધરાવતી કોઈ વ્યક્તિની અરજીના આધારે કાર્યવાહી શરૂ કરી શકશે. જો તબદીલી ગેરકાયદે જણાય, તો કલેકટર ત્રણ મહિનાની મુદતમાં જમીન વેચનારને જમીન પરત કરવા જણાવશે અને ખરીદનારે તે જમીન પરત કરવાની રહેશે. જો નક્કી કરેલ મુદતમાં જમીન અગાઉની સ્થિતિમાં પરત ન કરવામાં આવે તો ક્લેકટર તબદીલી ગેરકાયદેસર જાહેર કરશે અને આવી જમીન તમામ બોજા રહિત સરકારમાં નિહિત થશે અને આવી જમીનનો નિકાલ સરકારી પડતર જમીન તરીકે કરવામાં આવશે..

આ જ પ્રકારે, કલમ-૭૫(એ)માં સૂચિત સુધારા સૂચવતા મહિડાએ જણાવ્યું કે, આ સુધારા દ્વારા દંડના કિસ્સામાં બિનખેડૂત વ્યક્તિ અથવા સંસ્થાએ જમીનના પ્રવર્તમાન જંત્રી કિંમતની ત્રણ ગણી રકમ એક મહિનાની મુદતમાં ભરપાઈ કરવાની રહેશે અને સદર જમીન વેચાણ આપનાર ખેડૂત ખાતેદારને અગાઉની સ્થિતિમાં પરત કરવાની રહેશે. આ સુધારાથી બિનખેડૂતોના તરફેણમાં થતી ખેતીની જમીનની તબદેલીઓ પર અસરકારક નિયંત્રણ લાવશે અને ખેડૂતોના હિતોનું રક્ષણ કરશે.વધુમાં, રાજ્યમાં અમલમાં અન્ય ગણોત કાયદાઓ સાથે એકરૂપતા જાળવવા માટે કલમ-૭૫(એ)નો સુધારો તા.૦૫/૧૨/૨૦૧૫ની અસરથી લાગુ પાડવા સૂચવ્યું હતું. આ સિવાય, બિનખેડૂતે એક મહિનામાં દંડ ચૂકવવાનો રહેશે અને જમીન પરત કરવાની રહેશે. આથી ખેડૂતોને ઝડપથી ન્યાય મળશે અને મૂળ ખાતેદારના હકનું રક્ષણ થશે. તદુપરાંત, સ્પષ્ટ સમયમર્યાદા અને સ્પષ્ટ પરિણામોથી લોકો ગેરકાયદેસર રીતે જમીન ખરીદતા પહેલાં અટકશે અને આવા વ્યવહારો પર અંકુશ મેળવી શકાશે તેમ ઉમેર્યું હતું.

વધુમાં, મહેસૂલ રાજ્યમંત્રીએ કહ્યું કે રાજ્યના તમામ વિસ્તારોમાં એક જ રીતે કાયદો લાગુ થવાથી વહીવટી સુગમતા આવશે અને કાયદાકીય વિવાદોમાં ઘટાડો થશે. ગેરકાયદે હસ્તાંતરિત થયેલ જમીનોનું નિયત સમયમાં પુનઃસ્થાપન ન થાય, તો સરકારને નિહિત થતી આ જમીનોનો ઉપયોગ શાળા, હોસ્પિટલ, રસ્તા વગેરે જાહેર હિતના કાર્યો માટે કરી શકાશે. આમ આ સુધારા વિધેયક સૌરાષ્ટ્રના ખેડૂતોના હિત. વહીવટી એકરૂપતા અને કાયદાકીય સ્પષ્ટતા માટે ખૂબ જરૂરી છે. મંત્રીએ જણાવ્યું કે જમીન ખેડૂત માટે માત્ર સંપત્તિ નથી, પરંતુ તેમની આજીવિકાનો આધાર છે. આ સુધારાઓથી જમીનના ગેરકાયદેસર વેચાણ પર અંકુશ મેળવી શકાશે. વધુમાં, આ સુધારાઓ રાજ્યમાં અમલમાં રહેલ અન્ય ગણોત કાયદાઓ સાથે સુસંગતતા લાવશે. જેથી કાયદાનો એકસમાન અમલ શક્ય બનશે અને વહીવટી કાર્યક્ષમતા વધશે.આ વિધેયકથી ખેડૂતોના હકો સુરક્ષિત થશે અને જમીનના વ્યવહારોમાં સ્પષ્ટતા આવશે. આમ, સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ ૧૯૪૯ની કલમ-૭૫ અને ૭૫(એ)માં સુધારા સૂચવતું વિધેયક વિધાનસભા ગૃહ ખાતે પસાર થયું હતું.

### ગમખ્વાર અકસ્માત : રાધનપુર ચાર રસ્તા પાસે હિટ એન્ડ રન

# મહેસાણામાં વ્યસ્ત ગણાતા રાધનપુર સર્કલ પાસે અજાણ્યા વાહનની અડફેટે ૨૫ વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ મોત, પોલીસ તપાસમાં

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મહેસાણા શહેરના વ્યસ્ત ગણાતા રાધનપુર ચાર રસ્તા સર્કલ પાસે ગતરાત્રિના સુમારે એક ગમખ્વાર હિટ એન્ડ રન અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા કોઈ અજાણ્યા વાહનચાલકે આશરે ૨૫ વર્ષીય અજાણ્યા યુવકને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ વાહનચાલક પોતાનું વાહન લઈને ફરાર થઈ ગયો હતો.



પ્રાપ્ત વિગતો મુજબ, ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ રાત્રિના અંદાજે સાડા દશ વાગ્યાના સુમારે રાધનપુર ચાર રસ્તા સર્કલ પાસેથી પસાર થઈ રહેલા યુવકને કોઈ અજાણ્યા વાહને જોરદાર ટક્કર મારી હતી.

ટક્કર એટલી ભીષણ હતી કે યુવકને માથા, છાતી અને પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

અકસ્માતની જાણ થતાં જ મહેસાણા મહાનગરપાલિકાની શબવાહિની મારફતે મૃતદેહને મહેસાણા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પોલીસે સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમ ખાતે પહોંચી તપાસ હાથ ધરી હતી. હાલ મૃતકની ઓળખ મેળવવા પ્રયાસો ચાલી રહ્યા છે.

આ બનાવ અંગે પોલીસ દ્વારા અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૮૧ અને ૧૦૬(૧) તેમજ મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭, ૧૮૪ અને ૧૩૪ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવા સાથે અકસ્માત સર્જી નાસી છૂટેલા વાહન ચાલકને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.




### લગ્નમાં રાખેલી દાઝની અદાવત રાખી બે શખ્સોએ હુમલો કર્યો

# નોકરી કરીને યુવક ઘરે જતો હતો ને લાકડાના ધોકાથી માર્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મહેસાણા શહેરના પટાવાળાની ચાલી વિસ્તારમાં રહેતા ૧૯ વર્ષીય યુવક પર લગ્નમાં રાખેલી દાજની અદાવત રાખી બે શખ્સોએ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે મહેસાણા સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો છે. મળતી વિગત અનુસાર, મહેસાણામાં પટાવાળાની ચાલી વિસ્તારમાં રહેતા અને ખાનગી નોકરી કરતા મેહુલ જગદીશભાઈ પરમાર ગત રાત્રિના સાડા નવેક વાગ્યાના સુમારે પોતાની નોકરી પૂરી કરી ઘરે જઈ રહ્યા હતા.આ દરમિયાન કર્વે સ્કૂલ પાસે તે જ વિસ્તારમાં રહેતા રાહુલ ગણેશભાઈ પરમાર અને કમલેશ બાબુભાઈ વણકર નામના બે શખ્સોએ તેમને રોક્યા હતા.

આ બંને શખ્સોએ અગાઉના એક લગ્ન પ્રસંગમાં રાખેલી કોઈ દાજ બાબતે બોલાચાલી શરૂ કરી હતી અને ગાળાગાળી કરવા લાગ્યા હતા. મેહુલકુમારે ગાળો બોલવાની ના પાડતા બંને શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. હુમલા દરમિયાન રાહુલ પરમારે બાજુમાં પડેલ લાકડાનો ધોકો ઉપાડી મેહુલકુમારને શરીરે ફટકાર્યો હતો. યુવકે બૂમાબૂમ કરતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા જેને જોતા હુમલાખોરો ત્યાંથી ભાગી છૂટ્યા હતાં. ઈજાગ્રસ્ત યુવકને તેના પરિવારજનો તાત્કાલિક રીક્ષામાં મહેસાણા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતાં. જયાં તેને એમ.એસ.ડબલ્યુ વોર્ડમાં દાખલ કરી સારવાર આપવામાં આવી રહી છે. ભોગ બનનાર યુવકની ફરિયાદના આધારે પોલીસે રાહુલ પરમાર અને કમલેશ વણકર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પોસ્કો કાયદાની કડક અમલવારી : સગીરાને ભગાડી દુષ્કર્મ કેસમાં બેન-બનેવીને પણ કડક સજા

# વિજાપુર તાલુકાની ૧૬ વર્ષીય કિશોરી કેસમાં ત્રણેય આરોપીને ૨૦ વર્ષની કેદ, રૂ.૬૩,૫૦૦ દંડ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

વિજાપુર તાલુકાની ૧૬ વર્ષીય સગીર કિશોરીને લગ્નની લાલચ આપી ભગાડી જવાના અને દુષ્કર્મ આચરવાના ગંભીર કેસમાં આરોપીને આશરો આપનાર બેન-બનેવીને પણ કાયદાએ બક્ષ્યા નથી. મહેસાણાની સ્પેશ્યલ પોસ્કો કોર્ટે આ ચોંકાવનારા કેસમાં દુષ્કર્મ આચરનાર આરોપી સહિત બેન અને બનેવીને દોષિત ઠેરવી ત્રણેયને ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂ.૬૩,૫૦૦ દંડ ફટકાર્યો છે. સાથે જ ભોગ બનનાર સગીરાને રૂ.૩ લાખનું વળતર ચૂકવવાનો પણ હુકમ કરવામાં આવ્યો છે.કેસની વિગત મુજબ, ભાવેશ રાઠોડ નામના શખ્સે વિજાપુર તાલુકાની ૧૬ વર્ષીય સગીર કિશોરીને લગ્નની લાલચ આપી ભગાડી હતી. આરોપીએ સગીરાને ભરૂચ બસ સ્ટેન્ડ




ખાતે બોલાવી ત્યારબાદ પોતાના બેન-બનેવીના ઘરે લઈ ગયો હતો. ત્યાં સગીરાને આશરો આપી આરોપીએ તેની સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હતું.

તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે, આરોપીના બનેવી કિશન રાઠોડ અને બેન કોમલ રાઠોડને સગીરાના અપહરણ અને દુષ્કર્મની સંપૂર્ણ જાણ હોવા છતાં તેમણે તેને પોતાના ઘરમાં રાખી આશરો આપ્યો હતો. પોસ્કો કાયદા હેઠળ આ ગંભીર ગુનામાં સહાય કરવી પણ સમાન ગુનો ગણાતા, કોર્ટે બેન-બનેવીને પણ સમાન રીતે દોષિત ઠેરવ્યા હતા.

સરકારી વકીલ પરેશકુમાર કે. દવે દ્વારા કરવામાં આવેલી મજબૂત દલીલો અને પુરાવાઓને ધ્યાનમાં રાખી, એમ.એફ. ખત્રી અધ્યક્ષસ્થાને બેઠેલી મહેસાણા સ્પેશ્યલ પોસ્કો કોર્ટે ત્રણેય આરોપી — ભાવેશ રાઠોડ, કિશન રાઠોડ અને કોમલ રાઠોડ — ને ૨૦ વર્ષની સખત કેદ તથા રૂ.૬૩,૫૦૦ દંડની સજા ફટકારી હતી. દંડની રકમમાંથી ભોગ બનનાર સગીરાને રૂ.૩ લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.

આ ચુકાદા દ્વારા કોર્ટે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, સગીરાના શોષણમાં સીધી રીતે કે પરોક્ષ રીતે જોડાયેલા કોઈને પણ બક્ષવામાં નહીં આવે. પોસ્કો કાયદા હેઠળ આવા ગુનાઓમાં કડકતમ કાર્યવાહી થશે અને પીડિતાને ન્યાય અપાવવો એ ન્યાયતંત્રની પ્રથમ પ્રાથમિકતા રહેશે.




## સુપ્રીમ કોર્ટ સરકારો વતી કાર્ય કરી રહી છે; કેન્દ્ર અને રાજ્ય સરકારોનું વલણ ચિંતાજનક છે

તાજેતરમાં, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને અનેક નિર્દેશો જારી કર્યા હતા, જેમાં સાયબર છેતરપિંડી, અને ખાસ કરીને ડિજિટલ ધરપકડના કેસોને લૂંટ અને લૂંટ તરીકે ગણાવ્યા હતા. તેણે ગૃહ મંત્રાલયને તાજેતરમાં ઘડવામાં આવેલી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર લાગુ કરવાનો નિર્દેશ આપ્યો હતો, સીબીઆઈને કેસ ઓળખવાનો નિર્દેશ આપ્યો હતો અને રિઝર્વ બેંકને શંકાસ્પદ બેંકિંગ વ્યવહારોને રોકવાનો નિર્દેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન માટે ડ્રાફ્ટ વિકસાવવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

જ્યારે સુપ્રીમ કોર્ટે ડિજિટલ ધરપકડના કેસની સુઓમોટો નોંધ લીધી અને આવા કેસોની સુનાવણી શરૂ કરી, ત્યારે ગૃહ મંત્રાલયે એક એસઓપી પ્રસ્તાવિત કર્યો. તેનો હેતુ વિવિધ એજન્સીઓ વચ્ચે વધુ સારું સંકલન સ્થાપિત કરવાનો અને શક્ય હોય ત્યાં, છેતરપિંડીવાળા ભંડોળના સમયસર પરત સુનિશ્ચિત કરવાનો હતો. નોંધનીય છે કે, સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર, ગૃહ મંત્રાલયે ડિજિટલ ધરપકડના તમામ પાસાઓની વ્યાપક તપાસ કરવા માટે એક ઉચ્ચ-સ્તરીય આંતર-વિભાગીય સમિતિની રચના કરી હતી. આ સમિતિએ એસઓપીનો મુસદ્દો તૈયાર કર્યો. પ્રશ્ન એ છે કે, સુપ્રીમ કોર્ટના નિર્દેશો પર, ગૃહ મંત્રાલયે સાયબર છેતરપિંડીને રોકવા માટે સમયસર પગલાં કેમ શરૂ કર્યા નથી, ખાસ કરીને જ્યારે ડિજિટલ ધરપકડના કેસ વધી રહ્યા છે?

કાયદો અને વ્યવસ્થા રાજ્યનો વિષય હોવાથી, સાયબર છેતરપિંડી અટકાવવાનું કાર્ય મુખ્યત્વે રાજ્ય સરકારોનું છે. જોકે, કેન્દ્ર સરકાર બેંકો, ટેલિકોમ કંપનીઓ અને ડિજિટલ પ્લેટફોર્મની ભૂમિકા પર ધ્યાન આપી શકી હોત. એ નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટે સાયબર છેતરપિંડીમાં બેંકોની ભૂમિકા શંકાસ્પદ ગણાવી હતી, અને એ વાત જાણીતી છે કે ડિજિટલ ધરપકડ સહિત મોટાભાગના સાયબર છેતરપિંડીના કેસોમાં વોટ્સએપ ભૂમિકા ભજવે છે. સાયબર છેતરપિંડીના કેસોની સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે ડિજિટલ છેતરપિંડી દ્વારા અત્યાર સુધીમાં ૫૪,૦૦૦ કરોડથી વધુની ઉચાપત કરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટના મતે, આ રકમ ઘણા રાજ્યોના બજેટ કરતાં વધુ છે. શું તે વિચિત્ર નથી કે હજારો કરોડ રૂપિયાની મહેનતથી કમાયેલા પૈસા લૂંટાઈ ગયા છે, છતાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર જે રીતે કાર્યવાહી કરી રહી છે તે રીતે પોતે પગલાં લેવાનું જરૂરી માન્યું નથી? સાયબર છેતરપિંડીની વાત આવે ત્યારે રાજ્ય સરકારો પણ ઓછી બેદરકારી દાખવતી નથી. એક આંકડા મુજબ, ૨૦૨૧ થી ૨૦૨૩ ની વચ્ચે, ડિજિટલ છેતરપિંડીની ૪.૮ મિલિયન ફરિયાદો સામે ફક્ત ૨૦૦,૦૦૦ ૈંઈ નોંધાઈ હતી. આ પરિસ્થિતિ દર્શાવે છે કે પોલીસ સાયબર છેતરપિંડી અટકાવવા માટે તૈયાર નથી. આશ્ચર્યજનક નથી કે આ સાયબર ગુનેગારોની હિંમત વધારી રહી છે. એ પણ અવગણવું જોઈએ નહીં કે લોકોને સામાન્ય રીતે તેમના ચોરાયેલા પૈસા પાછા મળતા નથી કારણ કે પોલીસને રસ નથી.

નિઃશંકપણે, સુપ્રીમ કોર્ટે વ્યાપક સાયબર છેતરપિંડીને સંબોધવામાં સરકારની ભૂમિકામાં સક્રિય રીતે ભાગ લીધો નથી. એવા અસંખ્ય કિસ્સાઓ છે જેમાં સરકારો સામેલ હોવી જોઈએ, પરંતુ સુપ્રીમ કોર્ટે હસ્તક્ષેપ કરવો પડશે. તાજેતરમાં, સુપ્રીમ કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને માર્ગ સલામતીના પગલાંને મજબૂત બનાવવા, બિન-મોટરાઇઝ્ડ વાહનો અને રાહદારીઓની અવરજવરનું નિયમન કરવા અને અકસ્માતો અટકાવવા માટે છ મહિનાની અંદર નિયમો ઘડવાનો નિર્દેશ આપ્યો હતો. તેણે રાજ્યને રાષ્ટ્રીય ધોરીમાર્ગો સિવાયના રસ્તાઓની જાળવણી માટે ધોરણો નક્કી કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો જેથી માર્ગની ગુણવત્તા સુનિશ્ચિત થાય અને રાહદારીઓની સલામત અવરજવર સુનિશ્ચિત થાય.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ગઠબંધન પક્ષો જુદા જુદા રાજ્યોમાં એકબીજા સામે ચૂંટણી લડી રહ્યા હોય તેવું લાગે છે, સામના

મુંબઈ,તા.૧૯

મહારાષ્ટ્રમાં મુખ્ય વિપક્ષી પાર્ટી, શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે (યુબીટી) એ બુધવારે દાવો કર્યો હતો કે ઈન્ડિયા બ્લોક હવે એક ક્રોસરોડ પર છે અને રાષ્ટ્રીય કટોકટીમાં મમતા બેનર્જી, એમ.કે. સ્ટાલિન કે કોઈ અન્ય તેમને દોરી જશે કે નહીં તે નક્કી કરવા માટે તેમણે આંતરિક ચર્ચાઓથી આગળ વધવું પડશે. બ્લોક અને કોંગ્રેસ પાર્ટીમાં આંતરિક ઝઘડા અને નેતૃત્વની ચર્ચાઓ મહત્વપૂર્ણ પ્રાદેશિક ચૂંટણીઓ પહેલા એકતાને નબળી પાડવાની ધમકી આપી રહી છે.



તંત્રીલેખ મુજબ, ગઠબંધન પક્ષો જુદા જુદા રાજ્યોમાં એકબીજા સામે ચૂંટણી લડી રહ્યા હોય તેવું લાગે છે. પશ્ચિમ બંગાળમાં, તૃણમૂલ કોંગ્રેસ અને કોંગ્રેસ સામસામે છે, જ્યારે કેરળમાં, ડાબેરી અને કોંગ્રેસ પણ વિવાદમાં છે. વધુમાં, મહારાષ્ટ્રમાં સ્થાનિક વિભાજનથી ભાજપને ફાયદો થયો છે. શિવસેના (યુબીટી) કહે છે કે સંસદમાં હોબાળો એક વાત છે, પરંતુ દેશભરમાં જનમત બદલાઈ રહ્યો છે. વિપક્ષી ભારત ગઠબંધનને ટૂંક સમયમાં નક્કી કરવું પડશે કે તેમનું નેતૃત્વ કોણ કરશે - મમતા બેનર્જી, સ્ટાલિન, કે ત્રીજો નેતા.

વિપક્ષી ભારત ગઠબંધનમાં ઘણા નેતાઓએ અલગ અલગ નામો રજૂ કર્યા છે. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી મણિશંકર ઐયરે તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિનને ટેકો આપ્યો છે. ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના સચિવ સંજય બારુએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને વધુ સારા રાષ્ટ્રીય નેતા ગણાવ્યા છે. તેમનું કહેવું છે કે ગઠબંધનને મજબૂત કરવા માટે ટૂંક સમયમાં એક જ ચહેરા પર નિર્ણય લેવો જરૂરી છે.

સંપાદકીયમાં કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસમાં આંતરિક વિભાજન દેખાઈ રહ્યું છે, વરિષ્ઠ નેતાઓ અલગ અલગ મંતવ્યો વ્યક્ત કરી રહ્યા છે, જેના કારણે પક્ષની એકતા પર અસર પડી રહી છે. જોકે, રાહુલ ગાંધીની લડાઈની ભાવનાની પણ પ્રશંસા કરવામાં આવી હતી. સંપાદકીયમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે સરકાર ધાર્મિક લાગણીઓનું શોષણ કરી રહી છે. આ જનમતને પ્રભાવિત કરી રહ્યું છે, અને વિપક્ષને આનો સામનો કરવા માટે મજબૂત નેતૃત્વની જરૂર છે.

## અસીમ મુનીરથી ગુસ્સે ભરાયેલા ઇમરાન ખાનના પરિવારે જેલમાં તેમની સાથે થઈ રહેલા વર્તનનો ખુલાસો કર્યો

લાહોર,તા.૧૯

પાકિસ્તાનમાં કેદ ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનના પરિવારે દાવો કર્યો છે કે ફિલ્ડ માર્શલ અસીમ મુનીરના નિર્દેશ પર તેમની સાથે જેલમાં ખૂબ જ ખરાબ વર્તન કરવામાં આવી રહ્યું છે. પરિવારે એમ પણ કહ્યું કે દેશ ગેરકાયદેસર અને બિન-ઈસ્લામિક શાસન હેઠળ છે. ખાનના વકીલ સલમાન સફદરે ગયા અઠવાડિયે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે ૭૩ વર્ષીય ખાન જેલમાં તેમની જમણી આંખની ૮૫ ટકા દ્રષ્ટિ ગુમાવી ચૂક્યા છે. ખાન ઓગસ્ટ ૨૦૨૩ થી અનેક આરોપોમાં જેલમાં છે.ઈમરાન ખાનની બહેન, નોરીન નિયાઝીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં, ચીફ ઓફ ડિફેન્સ ફોર્સિસ ફિલ્ડ માર્શલ મુનીરનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, ×વૈશ્વિક સેલિબ્રિટી, પરોપકારી અને પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન, ઈમરાન ખાન, 'આસિમ કાયદા'ના આદેશ હેઠળ જેલમાં



અત્યંત કઠોર વર્તન સહન કર્યું છે, જેના પરિણામે હવે તેમની જમણી આંખને અફર નુકસાન થયું છે.×

નોરીને કહ્યું કે તે સાબિત થયું છે કે ખાનની તબીબી ફરિયાદોને ત્રણ મહિના સુધી અન્યાયી અને અન્યાયી રીતે અવગણવામાં આવી હતી. તેમને ગેરકાયદેસર રીતે એકાંત કેદમાં રાખવામાં આવ્યા હતા. તેણીએ કહ્યું, ×જેલમાં ખરાબ પરિસ્થિતિઓએ તેમના સ્વાસ્થ્ય પર ગંભીર અસર કરી છે, જેના કારણે તેમની આંખને ગંભીર નુકસાન થયું છે, જેને હવે રેટિના વેઈન ઓક્લુઝન તરીકે નિદાન થયું છે. આ માત્ર બેદરકારી નથી. આ ઈરાદાપૂર્વકની ક્રૂરતા છે, જે જનરલ મુનીર દ્વારા એક ચાલાક અને દુષ્ટ માસ્ટર પ્લાનના ભાગ રૂપે કરવામાં આવી છે.×

નોરીન નિયાઝીએ કહ્યું, ×અમારી એકમાત્ર કાનૂની માંગ એ છે કે ઈમરાન ખાનને તાત્કાલિક ઈસ્લામાબાદની શિફા ઈન્ટરનેશનલ હોસ્પિટલમાં તેમના અંગત ડોકટરોની દેખરેખ હેઠળ સારવાર માટે ખસેડવામાં આવે.× નોરીને ફિલ્ડ માર્શલ મુનીરની પણ ટીકા કરી હતી કે તેઓ પોતાને ઈસ્લામિક વિશ્વના નેતા કહે છે. તેણીએ કહ્યું, ×તમે (મુનીર) પોતાને મુસ્લિમ સશસ્ત્ર દળોના વડા કહો છો, તમારા ભાષણોમાં કુરાનમાંથી આયતો ટાંકો છો, પરંતુ તમે તેનું પાલન કરવાનો ઈનકાર કરો છો. રાષ્ટ્ર જાગી ગયું છે, અને આખી દુનિયા ઈમરાન ખાન સાથે આ ક્રૂર, અમાનવીય અને ઘૃણાસ્પદ વર્તન જોઈ રહી છે.

ઈમરાનની બહેને કહ્યું કે સુપ્રીમ કોર્ટના આદેશ છતાં કે ખાનને તાત્કાલિક આંખના નિષ્ણાત હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવે, ગેરકાયદેસર સરકારે ફરી એકવાર દેશની સર્વોચ્ચ અદાલતના નિર્ણયને ફગાવી દીધો છે. તેણીએ કહ્યું, ×આ ઈમરાન ખાનના કાનૂની અધિકારો વિશે ચિંતા ઉભી કરે છે અને આ ગેરકાયદેસર અને બિન-ઈસ્લામિક શાસન હેઠળ પાકિસ્તાનમાં પ્રવર્તતી અરાજકતાની ગંભીરતા દર્શાવે છે.×

## ભૂકંપ આવશે અને વિશ્વભરના ઘણા શહેરો નાશ પામશે

વોશિંગ્ટન,તા.૧૯

નાસાના એક વૈજ્ઞાનિકે પૃથ્વી માટે ભયાનક ચેતવણી જારી કરી છે. નાસાના ગ્રહ સંરક્ષણ નિષ્ણાતે ચેતવણી આપી છે કે પૃથ્વી પાસે ૧૫,૦૦૦ જેટલા શોધાયેલા એસ્ટરોઈડથી પોતાને બચાવવાનો કોઈ રસ્તો નથી. આ દરેક એસ્ટરોઈડમાં આખા શહેરનો નાશ કરવાની ક્ષમતા છે. ડેઈલી સ્ટાર અનુસાર, નાસાના ગ્રહ સંરક્ષણ અધિકારી, કેલી ફાસ્ટે કહ્યું કે આ માહિતી ×તેમને રાત્રે જાગૃત રાખે છે×, અને ઉમેર્યું કે આવા એસ્ટરોઈડ વિનાશનું કારણ બની શકે છે, પરંતુ અમને તેમના વિશે ખબર નથી.

કેલી ફાસ્ટે વધુમાં જણાવ્યું કે તેમને ×મોટા× પથ્થરો વિશે એટલી ચિંતા નથી કારણ કે તેમને ખબર છે કે ×તેઓ ક્યાં છે.× તેવી જ રીતે, નાના પથ્થરો ×હંમેશા× પૃથ્વી પર અથડાય છે, અને તેઓ પણ ચિંતાનું કારણ નથી. તેમણે સમજાવ્યું કે ૫૦૦ ફૂટ પહોળા પથ્થરો ચિંતાનો વિષય છે કારણ કે તે એટલા નાના છે કે તેમને શોધવા મુશ્કેલ છે, પરંતુ તે પૃથ્વીને ગંભીર નુકસાન પહોંચાડવા માટે પૂરતા મોટા છે. લંડનના ટાઈમ્સ અનુસાર, વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે આ મધ્યમ કદના એસ્ટરોઈડ, જેને ×શહેર-વિનાશક× કહેવામાં આવે છે, તે ×પ્રાદેશિક નુકસાન× પહોંચાડી શકે છે.નાસાના વૈજ્ઞાનિક ફાસ્ટના મતે, આપણા ગ્રહની નજીકથી લગભગ ૨૫,૦૦૦ એસ્ટરોઈડ્સ પસાર થાય છે, અને આપણે તેમાંથી ફક્ત ૪૦% ના સ્થાનો જાણીએ છીએ. શ્રેષ્ઠ ટેલિસ્કોપ દ્વારા પણ આ પદાર્થો શોધવા મુશ્કેલ છે કારણ કે તેમનો આકાર, સૂર્યની આસપાસ પૃથ્વીની ભ્રમણકક્ષા સાથે, તેમને સૂર્યપ્રકાશને પ્રતિબિંબિત કરતા અટકાવે છે. આ સમસ્યાને ઉકેલવા માટે, અમે આવતા વર્ષે નીયર-અર્થ ઑબ્જેક્ટ સર્વેયર સ્પેસ ટેલિસ્કોપ લોન્ચ કરવાની યોજના બનાવી રહ્યા છીએ. આ ટેલિસ્કોપ પૃથ્વીથી અગાઉ છુપાયેલા શ્યામ એસ્ટરોઈડ્સ અને ધૂમકેતુઓને શોધવા માટે થર્મલ સિગ્નેચરનો ઉપયોગ કરે છે.

## અમેરિકાના કોલોરાડોમાં 30 થી વધુ વાહનો વચ્ચે ટક્કરમાં ઓછામાં ઓછા ચાર લોકોના મોત

વોશિંગ્ટન,તા.૧૯

કોલોરાડોમાં ૩૦ થી વધુ વાહનો વચ્ચે થયેલી ભીષણ ટક્કરમાં ઓછામાં ઓછા ચાર લોકોના મોત થયા છે. છ સેમી-ટ્રેઈલર પણ તેમાં સામેલ હતા. ટક્કર એટલી ગંભીર હતી કે વાહનો સંપૂર્ણપણે નાશ પામ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ×બ્રાઉનઆઉટ× અથવા ધૂળના કારણે ડ્રાઈવરોને જોવામાં મુશ્કેલી પડી રહી હતી, જેના કારણે એક પછી એક વાહનો બીજા વાહનો સાથે અથડાઈ રહ્યા હતા.કોલોરાડો સ્ટેટ પેટ્રોલે જણાવ્યું હતું કે ભારે પવનને કારણે ધૂળ ફેલાઈ ગઈ હતી જેના કારણે સવારે ૧૦ વાગ્યાની આસપાસ પુએબ્લોના દક્ષિણમાં ઈન્ટરસ્ટેટ ૨૫ પર ×બ્રાઉનઆઉટ× પરિસ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે દૃશ્યતા ખૂબ જ ઓછી થઈ ગઈ હતી. પેટ્રોલે અહેવાલ આપ્યો હતો કે ૨૯ લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તેમની ઈજાઓની ગંભીરતા હજુ સુધી જાણી શકાઈ નથી. અકસ્માતનું કારણ હજુ તપાસ હેઠળ છે. પેટ્રોલ પ્રવક્તા ટ્રુપર શેરી મેન્ડેઝે જણાવ્યું હતું કે દુર્ઘટનામાં નબળી દૃશ્યતા એક પરિબળ હોઈ શકે છે, પરંતુ અન્ય પરિબળો પણ સામેલ હોઈ શકે છે.અધિકારીઓના જણાવ્યા અનુસાર પૂર્વીય કોલોરાડોમાં જોરદાર પવન ફૂંકાયો હતો, જેના કારણે ગરમ હવામાન અને ખૂબ જ શુષ્ક પરિસ્થિતિઓ સાથે મળીને જંગલમાં આગનું જોખમ વધ્યું હતું અને ડેનવર એરપોર્ટ પર ફ્લાઈટમાં વિલંબ થયો હતો. દરમિયાન, રાજ્યના પશ્ચિમ ભાગમાં બરફવર્ષા થઈ રહી હતી, જેના કારણે પર્વતોને ખૂબ જ જરૂરી બરફ મળ્યો હતો.

## ખેડામાં પરણિત પ્રેમિકાને મધરાતે કારખાને બોલાવી પ્રેમીએ હત્યા કરી, લાશ ૭૦૦ મીટર દૂર ફેંકી!

ખેડા,તા.૧૯

ગળતેશ્વર તાલુકાના સેવાલિયા ગામે ગત ૧૨મી ફેબ્રુઆરીએ સ્વામિનારાયણ મંદિર પાસેથી મળી આવેલા ૩૩ વર્ષીય પરણિત મહિલા પૂજા પટેલના મૃતદેહના કેસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. શરૂઆતમાં અકસ્માત જેવી લાગતી આ ઘટના વાસ્તવમાં એક સુનિયોજિત હત્યા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે ગણતરીના કલાકોમાં જ મહિલાના પ્રેમી નીલેશ પરમારની અટકાયત કરી હતી, જેણે પૂછપરછ દરમિયાન પોતાનો ગુનો કબૂલી લીધો છે.પોલીસ તપાસમાં ખૂલેલી વિગતો અનુસાર, મૃતક પૂજા



પટેલ અને નીલેશ પરમાર વચ્ચે પ્રેમ સંબંધ હતો. ૧૨ ફેબ્રુઆરીની રાત્રે જ્યારે પૂજાનો પતિ નોકરી પર ગયો હતો, ત્યારે બંને એક બંધ માર્બલના કારખાનામાં મળ્યા હતા. અહીં પૂજાએ નીલેશને તેના પતિને છોડીને સાથે ભાગી જવાની જીદ કરી હતી.

આ બાબતે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. તકરાર એટલી વધી ગઈ કે આવેશમાં આવી નીલેશે પૂજાને જોરદાર ધક્કો માર્યો હતો, જેના કારણે તેનું માથું પથ્થર સાથે પટકાતા ગંભીર ઈજા થઈ હતી અને તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.હત્યા બાદ ગભરાઈ ગયેલા નીલેશે પાપ છુપાવવા માટે ક્રૂરતાની હદ વટાવી હતી. તેણે તેના એક મિત્રને ફોન કરીને બોલાવ્યો અને બંનેએ મળીને પૂજાના મૃતદેહને કારખાનાથી આશરે ૭૦૦ મીટર દૂર સ્વામિનારાયણ મંદિર નજીક રોડ પર ફેંકી દીધો હતો.

આરોપીનો ઈરાદો આ હત્યાને અકસ્માતમાં ખપાવવાનો હતો, પરંતુ મહિલાના શરીર અને ગળા પરના નિશાન જોઈ પોલીસને શંકા ગઈ હતી.એફએસએલની તપાસમાં મૃતદેહ પર લાગેલી વૃક્ષની પાંદડીઓ અને માર્બલના કણોએ પોલીસને સાચા ગુનાના સ્થળ એટલે કે કારખાના સુધી પહોંચાડવામાં મોટી મદદ કરી હતી.

સેવાલિયા પોલીસે આરોપી નીલેશ પરમારને સાથે રાખીને ગુનાનું રી-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું, જેમાં તેણે કઈ રીતે હત્યા કરી અને કઈ રીતે લાશને સગેવગે કરી તેની તમામ વિગતો વર્ણવી હતી. હાલમાં અદાલતે આરોપીના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસ હવે આ કેસમાં મદદ કરનાર નીલેશના મિત્ર અને અન્ય સંડોવાયેલા શખ્સોની ધરપકડ કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** પારિવારિક અને આર્થિક બાબતોમાં ચાલતી સમસ્યાઓ ઉકેલાશે અને આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો પ્રગટશે. તમને વ્યવસાયમાં મોટી તક મળી શકે છે અને ગૌણ કર્મચારીઓનો આદર અને ટેકો પણ પૂરતો રહેશે.

**વૃષભ:** ભાગીદારીમાં થઈ રહેલા કામથી લાભની સ્થિતિ ઊભી થશે. વિવાહિત જીવનમાં ઘણા દિવસોની સમસ્યા સમાપ્ત થઈ જશે અને તમે તહેવારની ખરીદી માટે પણ જઈ શકો છો.

**મિથુન:** સવારે ધાર્મિક યાત્રા પર જવાની યોજના હશે, પણ આકસ્મિક અન્ય કામ દ્વારા રદ કરી શકાય છે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો સાર્થક સાબિત થશે અને લોકોનો ટેકો મનને આનંદ કરશે.

**કર્ક:** આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ક્ષેત્રમાં સખત મહેનત અને ધૈર્યથી તમને બધી સમસ્યાઓમાંથી મુક્તિ મળશે. પ્રતિકૂળતામાં નિર્ણય લેવાની ક્ષમતાનો વિકાસ થશે. ક્રોધ અને વાણી ઉપર નિયંત્રણ રાખો

**સિંહ:** વ્યાવસાયિક સહયોગીઓ તમારી પાસેથી સલાહ અને માર્ગદર્શન પ્રાપ્ત કરશે, માન-સન્માન વધશે. આજે તમારું મન સરળ અને સાત્વિક કાર્યો છોડી શકે છે અને ઝડપથી અનિયંત્રિત વલણો તરફ આકર્ષિત થઈ શકે છે.

**કન્યા:** રોજગાર મેળવવા માગતા યુવાનોને નવી તક મળશે. તમારો પ્રોજેક્ટ કાર્યક્ષેત્રમાં પૂર્ણ થશે, તે જોઈને વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. વિદેશમાં રહેતા સ્વજનો તરફથી સારા સમાચાર પ્રાપ્ત થશે. સાસરિયા તરફથી પૈસા પ્રાપ્ત થશે.

**તુલા:** કુટુંબનું વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે અને આનંદદાયક સમાચાર મળતાં તમામ સભ્યોની ખુશી વધશે. તહેવાર પહેલા અટકેલા પૈસા મળશે અને હાથમાં પૂરતા પૈસા હોવાનો આનંદ મળશે.

**વૃશ્ચિક:** દુકાનદારો માટે આ સમયે વ્યસ્તતા વધુ રહેશે, તેના કારણે તમે પરિવાર તરફ ઓછું ધ્યાન આપી શકશો. આર્થિક સ્થિતિમાં સુધારો થશે અને ફંડ પણ વધશે. વિદ્યાર્થીઓને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

**ધન:** વ્યવસાય સંબંધિત યોજનાઓ માટે નિષ્ણાતની સલાહ મદદરૂપ થશે. ભાગ્ય તમને સાથ આપશે અને દરેક ક્ષેત્રમાં સફળતા મળશે. કાયદાકીય સંબંધિત બાબતોમાં મન જીતીને ખુશ રહેશે.

**મકર:** આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. પરિવારનું વાતાવરણ આનંદદાયક રહેશે અને તહેવારની તૈયારીઓ વચ્ચે વાનગીનો આનંદ માણશો. સામાજિક ક્ષેત્રમાં તમારી ક્રિયાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારો વિસ્તાર પણ વધશે.

**કુંભ:** ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સંબંધ સુધરશે, પરંતુ તમારે ગુપ્ત શત્રુઓથી સંભાળીને કામ કરવું પડશે. ઘરની જરૂરી અને કિંમતી ચીજોની સંભાળ રાખો, નહીં તો ખોવાઈ જવાનો ડર રહેશે.

**મીન:** વ્યવસાય સંબંધિત યોજનાઓ સફળ થશે અને લાભ આપવાનું શરૂ કરશે. સંતાન પક્ષની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે. ગીચ સ્થાનોને ટાળો અને જો જરૂરી હોય તો સલામતી સાથે જાઓ.

## ફિલ્મી ગપશપ

### શ્રદ્ધા કપૂરની રણબીર અને આદિત્ય રોય કપૂર પહેલીવાર 'ઈથા' ફિલ્મમાં અભિનયના ઉસ્તાદ સાથે જોવા મળશે

મુંબઈ,તા.૧૯

શ્રદ્ધા કપૂર પહેલાથી જ રણબીર કપૂર, આદિત્ય રોય કપૂર અને રાજકુમાર રાવ જેવા ઘણા પ્રખ્યાત કલાકારો સાથે કામ કરી ચૂકી છે. હવે, અભિનેત્રી ટૂંક સમયમાં એક નવી ફિલ્મમાં એક શક્તિશાળી અભિનેતા સાથે જોવા મળશે. આ પહેલીવાર હશે જ્યારે તેઓ સાથે કામ કરશે.

શ્રદ્ધા કપૂરે બોલિવૂડમાં પ્રવેશ કર્યાને એક દાયકાથી વધુ સમય થઈ ગયો છે. તેની લાંબી કારકિર્દીમાં, અભિનેત્રીએ અનેક સુપરહિટ અને બ્લોકબસ્ટર ફિલ્મો આપી છે, જેમાં તે વિવિધ સહ-કલાકારો સાથે જોવા મળી છે. આદિત્ય રોય કપૂર સાથેની તેની સફળ શરૂઆત હેડલાઈન્સમાં રહી હતી. તેણીએ રણબીર કપૂર અને રાજકુમાર રાવ સાથે ''સ્ત્રી'' ફિલ્મમાં પણ કામ કર્યું હતું. હવે, અભિનેત્રી પહેલીવાર બીજા એક સ્ટાર અભિનેતા સાથે જોડી બનાવી રહી છે. તેમની જોડીએ ખૂબ ચર્ચા જગાવી છે. એક શૂટિંગ શેડ્યૂલ પણ પૂર્ણ થયું છે, અને ફિલ્મની ઝલક પણ રિલીઝ થઈ છે.

શ્રદ્ધા કપૂર અને રણદીપ હુડાએ તેમની આગામી ફિલ્મ ''ઈથા'' નું પુણે શેડ્યૂલ પૂર્ણ કર્યું છે. આ શેડ્યૂલ આ અઠવાડિયાની શરૂઆતમાં પૂર્ણ થયું. ફિલ્મનું મુંબઈ શેડ્યૂલ, જે જાન્યુઆરીના અંતથી ફેબ્રુઆરી સુધી ચાલ્યું હતું, તે પણ પૂર્ણ થયું. પુણે શેડ્યૂલ પૂર્ણ થયાની ઉજવણી સેટ પર કેક કાપવાની વિધિ સાથે કરવામાં આવી હતી, જેમાં સમગ્ર કાસ્ટ અને ક્રૂ હાજર હતા. દિગ્દર્શક લક્ષ્મણ ઉતેકર અને પ્રોડક્શન ટીમના સભ્યો પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. ફિલ્મના સેટ પર આ ખાસ ક્ષણનો વીડિયો પણ બનાવવામાં આવ્યો હતો.

'ઈથા' એક બાયોગ્રાફિકલ ડ્રામા ફિલ્મ છે જે પ્રખ્યાત મરાઠી તમાશા કલાકાર વિઠાબાઈ નારાયણગાંવકરના જીવનથી પ્રેરિત છે. આ ફિલ્મનું નિર્માણ મેડોક ફિલ્મ્સ દ્વારા કરવામાં આવી રહ્યું છે. શ્રદ્ધા કપૂર મુખ્ય ભૂમિકામાં જોવા મળશે, જેમાં રણદીપ હુડા મુખ્ય ભૂમિકામાં છે. પુણે શેડ્યૂલ પૂર્ણ થયા પછી, ટીમ શૂટિંગનો આગળનો તબક્કો શરૂ કરશે. આ ફિલ્મ આ વર્ષના અંતમાં અથવા આવતા વર્ષે રિલીઝ થવાની ધારણા છે.

શ્રદ્ધા કપૂર છેલ્લે 'સ્ત્રી ૨'માં જોવા મળી હતી. રણદીપ હુડાએ સની દેઓલ સાથે 'જાટ'માં નકારાત્મક ભૂમિકા ભજવી હતી. હવે, આ જોડી પહેલીવાર સાથે જોવા મળશે. આ ઉપરાંત, બંને પાસે ઘણા અન્ય પ્રોજેક્ટ્સ પણ છે. રણદીપ હુડ્ડાના અંગત જીવન વિશે વાત કરીએ તો, તે ટૂંક સમયમાં પિતા બનવાનો છે. થોડા દિવસો પહેલા, તેણે તેની પત્નીની ગર્ભાવસ્થાની જાહેરાત કરી હતી. દરમિયાન, શ્રદ્ધા કપૂર હાલમાં તેના પરિવાર અને બોયફ્રેન્ડ રાહુલ મોદી સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવી રહી છે.

# આ વર્ષે વિવિધ આવાસ યોજનાઓ હેઠળ અંદાજે ૩,૧૫,૦૦૦થી વધુ નવા આવાસો પૂરા પાડવાનું આયોજન : કનુભાઈ દેસાઈ



ગાંધીનગર,તા.૧૯

ગુજરાતના નાણામંત્રી કનુ દેસાઈએ આજે વિધાનસભામાં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ રજૂ કરીને ઈતિહાસ રચ્યો છે. સતત પાંચમી વખત બજેટ રજૂ કરનાર તેઓ રાજ્યના પ્રથમ નાણામંત્રી બન્યા છે. આ વખતના બજેટમાં સરકારે 'ગરીબ અને મધ્યમ વર્ગ' તેમજ 'મહિલા અને બાળ કલ્યાણ' પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

નાણામંત્રીએ ×એક કલ્યાણકારી રાજ્ય× તરીકેની છબીને વધુ મજબૂત કરતા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે રહેઠાણની મહત્વની જાહેરાતો કરી છે. આ વર્ષે વિવિધ આવાસ યોજનાઓ હેઠળ અંદાજે ૩,૧૫,૦૦૦ થી વધુ નવા આવાસો પૂરા પાડવાનું આયોજન છે. આ બજેટમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ અને શહેરી), ડૉ. આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના અને હળપતિ આવાસ યોજનાનો સમાવેશ થાય છે. આ તમામ યોજનાઓ માટે સરકારે ૪,૨૭૨ કરોડની માતબર રકમ ફાળવી છે.

બાળકોના પોષણ અને પાયાના શિક્ષણને વધુ સુદ્રઢ બનાવવા માટે બજેટમાં આંગણવાડીઓને લઈને મહત્વનો નિર્ણય લેવાયો છે. રાજ્યમાં કુલ ૨,૦૦૦ નવી આંગણવાડીઓનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ પાછળ અંદાજે ૩૬૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

નાણામંત્રીએ જણાવ્યું હતું કે, સરકાર ×સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ× ના મંત્ર સાથે આગળ વધી રહી છે. ગુજરાત વહીવટી સુધારણા પંચ દ્વારા અત્યાર સુધીમાં ૬ અહેવાલો રજૂ કરાયા છે, જેના આધારે નીચે મુજબના સુધારા પર ભાર મૂકવામાં આવ્યો છે. સરકારી સેવાઓ સામાન્ય જનતા સુધી સરળતાથી પહોંચે તેવા પ્રયાસો કરવામાં આવ્યા છે.

ત્યારબાદ વહીવટમાં પારદર્શિતા અને ઝડપ લાવવા માટે અસરકારક ભલામણોનું અમલીકરણ અને સરકારી તંત્રની કાર્યક્ષમતા વધારવા પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે. નાણામંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું કે સમાજના પછાત, નબળા વર્ગ અને આદિજાતિ લોકોના વિકાસ માટે સરકાર હંમેશા સંવેદનશીલ રહી છે અને આ બજેટ તે દિશામાં એક મજબૂત કદમ છે.×

# સૌરાષ્ટ્રમાં ગેરકાયદેસર ખેતીની જમીન વેચાણ પર કડક કાયદો, 3 મહિનામાં જમીન પરત નહીં થાય તો સરકાર કબજે કરશે




અમદાવાદ,તા.૧૯

ગુજરાત વિધાનસભાએ સૌરાષ્ટ્ર વિસ્તારમાં ખેતીની જમીનોના ગેરકાયદેસર વેચાણ અને તબદીલીને રોકવા માટે મહત્વપૂર્ણ વિધેયક પસાર કર્યું છે.આ વિધેયક સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહિવટ પતાવટ અને ખેતીની જમીન અધિનિયમ-૧૯૪૯માં સુધારા સૂચવે છે. આ સુધારાથી બિનખેડૂત વ્યક્તિઓ અથવા સંસ્થાઓને વેચાયેલી જમીન માત્ર ત્રણ મહિનામાં મૂળ ખેડૂતને પરત મળી શકશે અથવા સરકાર તેને પોતાના કબજામાં લઈ શકશે. આ કાયદાનો અમલ ૫ ડિસેમ્બર, ૨૦૧૫થી પાછલી અસરથી થશે.

આ વિધેયકમાં કલમ-૭૫ અને ૭૫છમાં સુધારા કરવામાં આવ્યા છે, જેમાં જો ખેતીની જમીન બિનખેડૂત વ્યક્તિ, ગેરકાયદેસર કબ્જેદાર અથવા ઉદ્યોગોને વેચાઈ હોય, તો જિલ્લા કલેક્ટર સ્વમેળે અથવા હિતસંબંધ ધરાવતી વ્યક્તિની અરજીના આધારે તપાસ કરી શકશે.

આ સિવાય તબદીલી ગેરકાયદેસર જણાય તો કલેક્ટર ત્રણ મહિનાની અંદર જમીન વેચનારને પરત કરવાનો આદેશ આપશે. જો પરત ન કરાય તો જમીન તમામ બોજા વિના સરકારમાં નિહિત થશે અને તેને પડતર જમીન તરીકે વાપરી શકાશે.ગેરકાયદેસર ભોગવટો ધરાવતી વ્યક્તિ અથવા સંસ્થાને પ્રવર્તમાન જંત્રી કિંમતની ત્રણ ગણી (૩૦૦ ટકા) રકમનો દંડ વસૂલાશે. આ દંડ એક મહિનામાં ભરવાનો રહેશે.જો જમીનમાં બિનખેતી અથવા કલમ-૫૪નો ભંગ થયો હોય, તો સરકાર જમીનને પોતાના હસ્તક લઈ શકશે અને તેનો ઉપયોગ શાળા, હોસ્પિટલ, રસ્તા જેવા જાહેર હિતના કાર્યો માટે કરી શકશે.

આ સુધારા દ્વારા રાજ્યમાં ગણોત વહિવટ અને જમીન કાયદાઓમાં એકસૂત્રતા લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મહેસૂલ મંત્રી સંજયસિંહ મહિડાએ વિધેયક રજૂ કરતાં જણાવ્યું કે, "કોર્ટ કેસ અને મહેસૂલી લિટિગેશનને કારણે કાયદાની કલમ-૭૫માં સુધારાની જરૂર જણાઈ છે.

ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં અલગ-અલગ કાયદા હતા, જેમાંથી સૌરાષ્ટ્રના કાયદાને સુધારવું બાકી હતું."

વિધાનસભામાં વિધેયક પર ચર્ચા દરમિયાન વિપક્ષ કોંગ્રેસના ઉપનેતા શૈલેષ પરમારે આ વિધેયકને ચોક્કસ ઉદ્યોગોના લાભ માટે લાવવામાં આવ્યું હોવાનો આક્ષેપ કર્યો હતો.

તેમણે કહ્યું કે, "આ સુધારા ઉદ્યોગોને મદદ કરવા માટે છે." જવાબમાં મંત્રી મહિડાએ બચાવ કરતાં કહ્યું કે, આ વિધેયક કાયદાઓમાં એકરૂપતા લાવવા માટે છે અને ખેડૂતોના હિતને સુરક્ષિત કરશે.વિપક્ષી ધારાસભ્યોએ ૧૯૪૯ના કાયદા હેઠળ કેટલી જમીનોમાં બિનખેડૂતને તબદીલી થઈ છે તેની વિગતો અને આંકડાકીય માહિતી જાહેર કરવાની માંગ કરી હતી. જોકે, મંત્રીએ આ અંગે કોઈ વિગતો આપી નહીં.

ચર્ચાના અંતે વિધેયક બહુમતીના જોરે પસાર થયું છે. રાજ્યપાલની મંજૂરી બાદ તેનો અમલ થશે.

# ટ્રમ્પના આદેશથી મધદરિયે અમેરિકાનો મિસાઈલ હુમલો, ૧૧ 'નાર્કો આતંકવાદીઓ' ઠાર

વોશિંગ્ટન,તા.૧૯

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ડ્રગ્સ માફિયાઓ વિરુદ્ધ અત્યાર સુધીનું સૌથી આક્રમક વલણ અપનાવ્યું છે. ટ્રમ્પના સીધા આદેશ બાદ અમેરિકન સૈન્યએ લેટિન અમેરિકન જળક્ષેત્રમાં ડ્રગ્સની હેરાફેરી કરતી ત્રણ શંકાસ્પદ નૌકાઓ પર મિસાઈલ હુમલો કરી ૧૧ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે. અમેરિકાએ હવે ડ્રગ્સ તસ્કરોને 'નાર્કો ટેરરિસ્ટ' (નાર્કો આતંકવાદી) જાહેર કરી તેમની સામે સીધું જંગ છેડી દીધું છે.અમેરિકન સધર્ન કમાન્ડ દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ, પૂર્વ પ્રશાંત મહાસાગરમાં બે નૌકાઓ અને કેરેબિયન સમુદ્રમાં એક નૌકાને નિશાન બનાવવામાં આવી હતી. પ્રશાંત મહાસાગરમાં થયેલા હુમલામાં ૮ લોકો અને કેરેબિયન સમુદ્રમાં ૩ લોકોના મોત થયા છે. સપ્ટેમ્બર મહિનાથી ચાલી રહેલા આ ઓપરેશનમાં અત્યાર સુધીમાં ૪૨ જેટલા હુમલા કરવામાં આવ્યા છે, જેમાં અંદાજે ૧૪૫ લોકોના મોત નિપજ્યા હોવાનું મનાય છે.ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રનું માનવું છે કે ડ્રગ્સની હેરાફેરી એ અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે મોટો ખતરો છે. ટ્રમ્પે આ કાર્યવાહીનો બચાવ કરતા સ્પષ્ટ કર્યું છે કે અમેરિકા હાલમાં લેટિન અમેરિકાના ડ્રગ કાર્ટેલ સાથે સીધા સશસ્ત્ર સંઘર્ષમાં છે. દેશના યુવાધનને બચાવવા અને ડ્રગ્સના પ્રવેશને અટકાવવા માટે આ પ્રકારના કડક પગલાં લેવા અનિવાર્ય છે. અમેરિકન સૈન્યએ નૌકાઓને નષ્ટ કરવાના વીડિયો જાહેર કર્યા છે, જે જોઈને દુનિયા સ્તબ્ધ થઈ ગઈ છે. જોકે, કેટલાક સંગઠનો સવાલ ઉઠાવી રહ્યા છે કે શું આ નૌકાઓમાં ખરેખર ડ્રગ્સનો મોટો જથ્થો હતો? સેનાએ હજુ સુધી જપ્ત કરેલા ડ્રગ્સના નક્કર પુરાવા સાર્વજનિક કર્યા નથી. આમ છતાં, ટ્રમ્પ સરકાર આ અભિયાનને આતંકવાદ વિરોધી ઓપરેશન જેવું જ મહત્વ આપી રહી છે.

# અમદાવાદ ખાતે ડો. આર. જી. પટેલના નેતૃત્વ હેઠળ ISAR ૨૦૨૬ વંધ્યત્વ વિષય પર ૩૦મું વાર્ષિક સંમેલનનું આયોજન

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૯

ઈન્ડિયન સોસાયટી ફોર અસિસ્ટેડ રિપ્રોડક્શન (જીછઈ) દ્વારા અસિસ્ટેડ રિપ્રોડક્શન (વંધ્યત્વ ) વિષય પર ૩૦મી વાર્ષિક કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે, જે ૨૦થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાન અમદાવાદમાં યોજાશે. આ કોન્ફરન્સ ISARના ગુજરાત ચેપ્ટર દ્વારા આયોજિત છે. દેશ અને વિદેશમાંથી વંધ્યત્વ અને પ્રજનન ચિકિત્સા ક્ષેત્રના અગ્રણી નિષ્ણાતો તેમાં ભાગ લેશે.કોન્ફરન્સમાં ૩,૦૦૦થી વધુ પ્રતિનિધિઓ અને ૮૦૦થી વધુ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો હાજરી આપશે. તેમાં ગાયનેકોલોજિસ્ટ, IVF નિષ્ણાતો, એમ્બ્રિયોલોજિસ્ટ, સંશોધકો અને વૈજ્ઞાનિકો હાજર રહેશે.ટેકનિકલ સેશન અંતર્ગત પ્રતિષ્ઠિત વ્યાખ્યાન, નિષ્ણાત પેનલ ચર્ચાઓ, ચર્ચાસત્રો અને પ્રાયોગિક વર્કશોપ યોજાશે. ખાસ કરીને અસિસ્ટેડ રિપ્રોડક્ટિવ (વંધ્યત્વ) અને IVF ક્ષેત્રની નવી શોધો પર વિશેષ ફોક્સ રહેશે.




આયોજક અધ્યક્ષ ડૉ. આર.જી. પટેલે જણાવ્યું કે બદલાતી જીવનશૈલી, મોડા લગ્ન, કામનો તણાવ અને આરોગ્ય સમસ્યાઓના કારણે વંધ્યત્વના કેસોમાં વધારો થઈ રહ્યો છે. આવા સમયમાં ડોકટરો માટે નવી અને વૈજ્ઞાનિક આધારિત સારવાર પદ્ધતિઓ વિશે અપડેટ રહેવું જરૂરી છે. આ કોન્ફરન્સ નોલેજ ટ્રાન્સફર, ક્લિનિકલ સ્કિલ્સ અને દર્દી કેન્દ્રિત સારવારને વધુ સક્ષમ બનાવવા માટે મહત્ત્વની સાબિત થશે.કોન્ફરન્સમાં ફર્ટિલિટી પ્રિઝર્વેશન, મોડું માતાપિતાપણું માટે એગ ફ્રીઝિંગ અને વધુ ચોક્કસ, ઓછા ઈનવેસિવ તેમજ ખર્ચ અસરકારક નવીં ફઃ ટેકનિક્સ પર ખાસ ભાર મૂકવામાં આવશે.

આયોજન સમિતિમાં આયોજન અધ્યક્ષ ડૉ. આર. જી. પટેલ,સહ અધ્યક્ષ ડૉ. મેહુલ દામાણી,સચિવડૉ.જીતેન્દ્ર પ્રજાપતિ અને ડૉ. ધર્મેશ કાપડિયા,ખજાનચી ડૉ.મુકેશ પટેલ,ISAR પ્રમુખ ડૉ.અમિત પાટકી,પ્રમુખ- પદનિયુક્તઃ ડૉ. સુનિતા તંડુલવાડકર મુખ્યત્વે છે. સનફ્લાવર હોસ્પિટલના સીએમઓ અશોક પટેલે સમગ્ર કાર્યક્રમના સંકલનમાં ભૂમિકા ભજવી હતી.ISAR ૨૦૨૬ નો ઉદ્દેશ્ય ક્લિનિકલ શ્રેષ્ઠતાને મજબૂત બનાવવા, સહયોગી શિક્ષણને પ્રોત્સાહન આપવા અને વંધ્યત્વ સંભાળમાં સમયસર જાગૃતિ અને હસ્તક્ષેપને પ્રોત્સાહન આપવાનો છે. કોન્ફરન્સમાં ભાગ લેતા નિષ્ણાતો એ પણ ચર્ચા કરશે કે કેવી રીતે પ્રારંભિક કાઉન્સેલિંગ અને યોગ્ય સારવાર મહત્વાકાંક્ષી માતાપિતાને નવી આશા આપી શકે છે, જે દેશભરમાં પ્રજનન (વંધ્યત્વ) દવાને આગળ વધારવા માટે ISAR ની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે.

# કર્મના ટોલનાકા ઉપર કોઈ પણ કાર્ડ ચાલતું નથી. ફક્ત સત્કર્મનું ફાસ્ટેગ જ ચાલે છે, તેથી સત્કર્મનું રિચાર્જ કરતા રહેવું



**યશપાલસિંહ ટી. વાઘેલા**
**દરબાર ગઢ થરા**

ગઈકાલે ભક્તિ ભજન ભોજન ના ત્રિવેણી સંગમ સાથે ઉત્સાહ ઉમંગથી શિવ પુજન અર્ચન અભિષેક થકી મહાશિવરાત્રિ પર્વની ઉજવણી કરી ત્યારે આજે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો એક પતિ-પત્ની પોતાના નાના બાળક સાથે ધર્મ શાળામાં રહેતા હતા.ધર્મશાળા માટીની બનેલી હતી, દિવાલોમાં તિરાડો હતી અને આસપાસનો વિસ્તાર ખુલ્લા જંગલ જેવો લાગતો હતો. આ દંપતી પોતાના નાના બાળકને આંગણામાં છોડીને કોઈ કામ માટે બહાર ગયું. જ્યારે તેઓ પાછા ફર્યા, ત્યારે તેઓએ બાળકની સામે એક વિશાળ સાપ બેઠો જોયો, જે ગૂંચવાયો હતો અને તેનું ફેણ ફેલાયેલું હતું.આ ભયાનક દૃશ્ય જોઈને બંને સ્તબ્ધ થઈ ગયા. દીકરો સાપના ફેણ પર મુઠ્ઠીભર માટી ફેંકી રહ્યો હતો, અને સાપ દરેક વખતે નીચે ઝૂકીને તેને સહન કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો.માતા ચીસો પાડી અને પિતાએ બૂમ પાડીઃ ×બચાવો! બચાવો!આપણા પ્રિય દીકરાને બચાવો!×લોકોનું ટોળું એકઠું થઈ ગયું.તેમની વચ્ચે એક શાર્પશૂટર પણ હતો.તે ઊંટગાડી ચલાવતો હતો. તેણે કહ્યું, ×હું સાપને ગોળી મારીને મારી નાખીશ, પણ જો હું ચૂકી જાઉં અને બાળકને ઈજા થાય, તો હું જવાબદાર નથી. જો તમે મને કહો, તો હું પ્રયત્ન કરીશ.×

તેમના દીકરાની સામે એક ઝેરી સાપ બેઠો છે! કયો માબાપ આવી પરિસ્થિતિનો ઈનકાર કરશે?તે સંમત થયો,અને માતા એ કહ્યું,×ભાઈ!સાપને મારવાનો પ્રયાસ કરો.જો બાળકને ભૂલથી ઈજા થાય, તો અમે કંઈ કહીશું નહીં.×

ઊંટગાડી ચલાવનાર વ્યક્તિએ નિશાન સાધ્યું. સાપ ઘાયલ થઈને બેભાન થઈ ગયો. લોકોને લાગ્યું કે તે મરી ગયો છે.

તેઓએ તેને ઉપાડીને વાડમાં ફેંકી દીધો.રાત પડી ગઈ. ઊંટગાડી ચલાવનાર એ જ ધર્મશાળામાં તેની ઊંટગાડી પર સૂઈ ગયો.રાત્રે ઠંડી પવન ફૂંકાયો. બેભાન સાપ ભાનમાં આવ્યો, આવ્યો અને ઊંટગાડીને કરડી ગયો, અને ચાલ્યો ગયો.સવારે લોકોએ ઊંટગાડીને મૃત જોઈ. સંયોગથી,સર્પશાસ્ત્રની કળા જાણતો એક માણસ ત્યાં રહેતો હતો. તેણે કહ્યું, ×મને ખબર છે કે અહીં સાપને કેવી રીતે બોલાવી ને તેનું ઝેર ચૂસી શકાય.જો અહીં કોઈ આઠ કે દસ વર્ષનો માસૂમ બાળક હોય,તો હું સાપના સૂક્ષ્મ શરીરને તેના મનમાં બોલાવી શકું છું અને તેને વાત કરાવું છું.×ગામમાંથી એક આઠ થી દસ વર્ષના છોકરાને લાવવામાં આવ્યો.તેણે બાળકમાં રહેલા સાપના આત્માને બોલાવ્યો.તેને પૂછવામાં આવ્યું, ×શું તેં આ ઊંટના માલિકને કરડ્યો?×

બાળકની અંદર રહેલા આત્મા એ જવાબ આપ્યો,×હા.×પછી તેને પૂછવામાં આવ્યું, ×તેં આ ગરીબ ઊંટના માલિકને કેમ કરડ્યો?× સાપે



બાળક દ્વારા બોલવાનું શરૂ કર્યુંઃ ×હું નિર્દોષ હતો. મેં તેની સાથે કંઈ કર્યું નથી. તેણે મને નિશાન બનાવ્યું છે, તો હું તેનો બદલો કેમ ન લઉં?×

તે બાળક તમારા પર માટી ફેંકી રહ્યો હતો, પણ તમે તેની સાથે કંઈ કર્યું નહીં!×

બાળકના રૂપમાં રહેલા સાપે કહ્યું, ×બાળક ત્રણ જન્મોથી મારો લેણદાર છે. ત્રણ જન્મો પહેલા, હું એક માણસ હતો, અને તે પણ એક માણસ હતો. મેં તેની પાસેથી ત્રણસો રૂપિયા ઉધાર લીધા હતા, પણ હું તેને પાછા આપી શક્યો નહીં. હવે, મારી પાસે તે કરવાની ક્ષમતા પણ નથી. હું આવા કદરૂપા જન્મોમાંથી ભટકતો રહ્યો છું. આજે, આકસ્મિક રીતે, તે મારી સામે દેખાયો, અને હું મારા મોઢા પર ક્ષમા માંગી રહ્યો હતો. તેનો આત્મા જાગી ગયો, અને તેણે મારા પર મુઠ્ઠીભર ધૂળ ફેંકી, મને ઠપકો આપ્યો, ×તને શાપ!× ×હું મારું દેવું ચૂકવી શક્યો નહીં...× મેં મારું દેવું ચૂકવતા તેનો ઠપકો સહનકર્યો.તે ઊંટનો માણસકોણ હતો જેણે અમારા વ્યવહારોમાં વિક્ષેપ પાડ્યો હતો? મેં તેને કંઈ કર્યું ન હતું, છતાં તે હજી પણ મારા પર કાબૂ મેળવી રહ્યો હતો.

મેં નિશાન પર પ્રહાર કર્યો. મેં બદલો લીધો છે.× સાપ નિષ્ણાતે સાપને સમજાવ્યું, ×જુઓ, જો તમે ફક્ત મારી વાત સાંભળો છો, તો તેનું ઝેર ચૂસી લો.× સાપે કહ્યું, ×જો હું તમારી વાત સાંભળું છું, તો તમે મારી વાત સાંભળો. હું દુશ્મનોનો સામનો કરવા માટે જન્મ્યો છું. જો બીજું કંઈ નહીં, તો જો આ ઊંટ માલિક મને પાંચસો રૂપિયા આપે, તો હું હમણાં જ તેનું ઝેર ચૂસી લઈશ. મેં ત્રણ જન્મ પહેલાં તે બાળક પાસેથી ત્રણસો રૂપિયા ઉધાર લીધા હતા. બે જન્મો વીતી ગયા છે, અને મારે બેસો રૂપિયા અને વ્યાજ, કુલ પાંચસો રૂપિયા પાછા આપવા પડશે.×એક સજ્જને બાળકના માતાપિતાને પાંચસો રૂપિયા આપ્યા. સાપનો આત્મા તેના શરીરમાં પાછો ફર્યો, ત્યાંથી સરક્યો અને ઝેર ચૂસી લીધું. ઊંટ માલિક પાછો જીવિત થયો.

ગોપીઓ સહજ સમાધિનો અનુભવ કનૈયાની વાંસળી સાંભળી કરે છે.શ્રીકૃષ્ણ કથાનું વર્ણન કરતાં આંખો ઊઘાડી હોવા છતાં સમાધિ લાગે છે. ગોપીઓએ કદી નાક પકડી સમાધિ લગાવવાનો પ્રયત્ન કર્યો નથી. તેમની તો હાલતાં-ચાલતાં, સૂતાં-બેસતાં સર્વત્ર, સર્વકાળે સમાધિ જ લાગેલી રહે છે.તેઓ ને આપોઆપ સમાધિ લાગે છે.

આ ભોગી શરીર યોગાભ્યાસ કરી શકે નહીં. ભોગી યોગી થવા જાય તો યોગી થવાને બદલેરોગી થઈ જાય.યોગનું પહેલું સાધનછે બ્રહ્મચર્ય.એ બ્રહ્મચર્યનું પાલન કર્યા વગર કોઈ યોગ સિદ્ધ કરવા જાય તો ખાડામાં પડે.પણ શ્રી કૃષ્ણ કથા એવી છે કે,જેથી અનાયાસે જગત ભૂલાય છે. જગતમાં રહીને જગતને ભૂલવું છે.એનું એકમાત્ર સાધન શ્રીકૃષ્ણ કથા છે. પ્રત્યક્ષ પ્રમાણ મોજૂદ છે. પરીક્ષિતને સાત જ દિવસમાં મુક્તિ મળી છે. સાત દિવસમાં પરીક્ષિત રાજા જગતને ભૂલી જાય છે અને શ્રીકૃષ્ણમાં તેનું મન તન્મય થાય છે. શ્રીકૃષ્ણ કથાનો એ ચમત્કાર છે.મોટા મોટા જ્ઞાની મહાત્માઓને બીક હતી કે, સાત દિવસમાં તે કેવી રીતે મુક્તિમળે?પણ શુકદેવ જી મહારાજ એવી ચતુરીથી, ધીરે ધીરે રાજાના મનને અના સક્ત બનાવી શ્રીકૃષ્ણ પ્રેમમાં તન્મય કરે છે.સાત દિવસમાં રાજાનું જ્ઞાન વધે છે, ભક્તિ વધે છે, વૈરાગ્ય વધે છે અને શ્રીકૃષ્ણ કથામાં રાજા તન્મય બની મુક્તિ પામે છે. એકલા રાજાને માટે જ તે શક્ય છે એવું નથી. આપણા સૌના માટે તે શક્ય છે. રાજાએ જેવો પ્રયત્ન કર્યો તેવો આપણે સૌએ કરવો જોઈએ.ચરી પાળવાની શરત પાળીએ તો દવા અસર કરે જ.શ્રીકૃષ્ણકથાએ ભવસાગરના દુઃખોમાંથી છૂટવાની એક માત્ર ઔષધિ છે.

યોગીઓ આંખો બંધ કરીને જગતને ભૂલવાનો પ્રયત્ન કરે છે પણ જગત ભૂલાતું નથી. તેમને એ અઘરું લાગે છે. બીજી બાજુ ગોપીઓની એવી હાલત છે કે, તેઓ જગતને યાદ કરવા માગે તો યાદ કરી શકતી નથી. તો આ બેમાં સાધના કોની ચડિયાતી ઠરી?ગોપીઓની જ.શ્રીકૃષ્ણપ્રેમ નું આ કૌતુક છે.મન માં વિરોધ ન રાખો,વાસના ન રાખો.વિરોધ અને વાસના નિરોધ માં વિઘ્ન કરે છે. તેના વિનાશથી જ મનનો નિરોધ થાય છે. જગતના કોઈ પણ જીવ સાથે વિરોધ ન રાખો. તેમ જગત ના ભોગપદાર્થો ભોગવવાની વાસના ન રાખો. નિરોધ થાય છે અનાયાસે જીવને મુક્તિ મળે છે. શ્રીકૃષ્ણ લીલામાં અનાયાસે મન નો નિરોધ થાય છે ઘડીભર માની લો કે,આ સંસાર સુંદર છે.તો આ સુંદર સંસારને બનાવનારો કેટલો સુંદર હશે તેનો કોઈ દિવસ વિચાર કર્યો છે ? મનુષ્ય સૌંદર્ય જોવા માટેકાશ્મીર વગેરે સ્થળોએ જાયછે,પણ ત્યાં જવાની કંઈ જ જરૂર નથી, કારણ કે ખરું સૌંદર્ય અંતરમાં છે ઈશ્વરમાં છે.તે સૌંદર્ય જોવા પ્રયત્ન કરો.પરમાત્માના કોઈ પણ સ્વરૂપ સાથે તન્મય થાઓ તો તમને મુક્તિ મળશે. ભાગવત એમ કહેતું નથી કે,ફક્ત શ્રીકૃષ્ણ માં જ તન્મય થાઓ. ઈશ્વરના કોઈપણ સ્વરૂપમાં તન્મય થાઓ તમને ગમે તે ઈશ્વરનું સ્વરૂપ તમે અપનાવો.એકાંત અનન્ય ભક્તિ રાખો અને અન્યને અંશરૂપ માની તેને વંદન કરો.

આ પ્રમાણે બીજા માં અંશાત્મક પ્રેમ રાખો તો પછી ભક્તિમાં રાગદ્વેષ આવશે નહીં, તે જ અનન્ય ભક્તિ છે.અનન્ય ભક્તિ એવું નથી કહેતી કે બીજા નેતુચ્છ કરવા.સ્ત્રીનો સોળઆની પ્રેમ પોતાના પતિમાં હોય છે,પણ પતિનાં બીજાં સગાંઓમાં તે અંશાત્મકપ્રેમ રાખી તેમની સેવા પણ કરે છે બીજા તરફ પ્રેમ રાખે છે, તેથી તેના પતિ પરના પ્રેમમાં કશી ન્યૂનતા આવતી નથી. તેવું જ અનન્ય ભક્તિનું છે.શ્રીકૃષ્ણ કથા અનાયાસે મુક્તિ આપનારી છે. મુક્તિ આત્માને મળતી નથી. આત્માને મુક્ત થવાનો કોઈ પ્રશ્ન જ નથી.આત્મા સદા મુક્ત છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ચિંતનાત્મક લેખમાં જે વાત જોઈ તેમાંથી એક બોધપાઠ ચોક્કસ મળે છે કે કોઈએ એટલો બધો બગાડ ન કરવો જોઈએ કે માથે દેવું લઈને મરવું પડે, અને તે ચૂકવવા માટે, વ્યક્તિએ પોતાનો ચહેરો નમાવી ને માટીનો માર સહન કરવો પડે. જ્યાં સુધી આત્મ-સાક્ષાત્કાર પ્રાપ્ત ન થાય ત્યાં સુધી, કર્મનું ઋણ ચૂકવવું જ જોઈએ. તેથી, નિઃસ્વાર્થ કાર્યો કરીને ભગવાનને સંતુષ્ટ કરો. તમારા આત્મા અને પરમાત્માનો અનુભવ કરીને, તમે આ જ જીવનમાં ઝડપથી મુક્તિ મેળવી શકો છો. બસ આજે આપણે અહીં અટકીએ સદાશિવ ભોલેનાથ દેવોના દેવ મહાદેવ સૌની રક્ષા કરે.અસ્તુ.

## ‘અક્કી દાદા’ એ છરીના ઘા ઝીંકી જાનથી મારવાની ધમકી આપી

# મોઢેરા ચોકડી પાસે દુકાન બંધ કરતી વખતે વેપારી પર હુમલો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મહેસાણા શહેરના મોઢેરા ચોકડી પાસે આવેલા હબ ટાઉન કોમ્પ્લેક્સમાં કપડાની દુકાન ચલાવતા વેપારી પર રાત્રિના સમયે ચાર શખ્સોએ હુમલો કરી છરી વડે ઈજા પહોંચાડી હોવાની ઘટના સામે આવી છે. નાગલપુરના શખ્સે પોતાની ઓળખ ‘અક્કી દાદા’ તરીકે આપી વેપારી પાસે હપ્તાની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા મહેસાણા બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.



મહેસાણાના રામનગર સોસાયટીમાં રહેતા અને મોઢેરા ચોકડી પાસે ‘લીથલવેર’ નામની કપડાની દુકાન ધરાવતા રાકેશકુમાર પ્રજાપતિ ગત ૧૪ ફેબ્રુઆરીના રોજ રાત્રે સાડા આઠ વાગ્યાના સુમારે પોતાની દુકાન વધાવીને ઘરે જવાની તૈયારી કરી રહ્યાં હતાં. આ સમયે ચાર અજાણ્યા શખ્સો તેમની પાસે આવ્યા હતા અને કપડા લેવા માટે દુકાન ખોલવા દબાણ કર્યું હતું. વેપારીએ દુકાન બંધ થઈ ગઈ હોવાનું કહેતા એક શખ્સ ઉશ્કેરાઈ ગયો હતો.

હુમલાખોર શખ્સે પોતાની ઓળખ આપતા જણાવ્યું હતું કે, ‘હું નાગલપુરનો રબારી અક્ષય ઉર્ફે અક્કી દાદા છું. તારે દુકાન ખોલીને મને કપડા આપવા પડશે નહીતર સવારે દુકાન કેવી રીતે ખોલે છે તે જોઉં છું‘. આટલું કહી આરોપીઓએ વેપારી સાથે ગાળાગાળી અને ઝપાઝપી શરૂ કરી હતી. તે દરમિયાન અક્ષય ઉર્ફે અક્કીએ પોતાની કમરના ભાગેથી છરી કાઢી વેપારીને ડાબા હાથ અને પગના ભાગે ઝીંકી દીધી હતી. આરોપીએ જતી વખતે ધમકી આપી હતી કે જો હવે પછી દુકાન ખોલવી હોય તો તેને પૈસા હપ્તો આપવા પડશે નહીતર જાનથી મારી નાખીશ. આ ઘટના બાદ ઈજાગ્રસ્ત વેપારીએ પોતાના ભાગીદાર સાથે પોલીસ મથકે પહોંચી અક્ષય ઉર્ફે અક્કી અને તેની સાથેના અન્ય ત્રણ શખ્સો વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અત્યાધુનિક ડ્રોન ટેક્નોલોજીના માધ્યમથી સઘન સર્વે હાથ ધરાયો

# વિસનગરમાં કાયમી ટ્રાફિક સમસ્યા ઉકેલવા કેનાલ પર મહેસાણા જેવો કમલપથ બનાવાશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

વિસનગર શહેરના મધ્યમાંથી પસાર થતી આશરે ૪ કિ.મી. લાંબી વરસાદી પાણીની ખુલ્લી કેનાલ પર હવે મહત્ત્વાકાંક્ષી રોડ પ્રોજેક્ટ સાકાર કરવાની કવાયત તેજ બની છે. શહેરમાં વધી રહેલી ટ્રાફિક સમસ્યાનો કાયમી નિકાલ આવે તે માટે મહેસાણામાં બનેલા કમલપથ જેવા મોડલ પર ૭.૫૦ મીટર પહોળો રોડ બનાવવાની યોજના તૈયાર થઈ રહી છે. આ માટે અત્યાધુનિક ડ્રોન ટેક્નોલોજીના માધ્યમથી સઘન સર્વે હાથ ધરાયો છે.



સૂચિત માર્ગ પાલડી ચોકડી નજીક આવેલા હોન્ડા શો-રૂમથી શરૂ થઈ ઉમિયા માતા મંદિર અને સવાલા દરવાજા થઈ મહેસાણા રોડ પર સિદ્ધેશ્વરી મંદિર સુધી વિસ્તરશે. ડ્રોન સર્વેમાં કેનાલ પર રોડની લંબાઈ, પહોળાઈ અને લેવલનું ચોકસાઈપૂર્વક માપન કરવામાં આવ્યું છે. સાથે પાર્કિંગ ઝોન, ફેરિયાઓ માટે વેન્ડિંગ ઝોન, ૧થી ૧.૬ મીટર પહોળા ફુટપાથ, સર્વિસ રોડ માટે એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ્સ તથા સ્ટ્રીટલાઈટ વ્યવસ્થાની શક્યતાઓ પણ ચકાસવામાં આવી છે. નગરપાલિકાના પ્રમુખ ઉત્તમભાઈ પટેલે જણાવ્યું કે, કેબિનેટ મંત્રી ઋષિકેશભાઈ પટેલની રજૂઆત બાદ રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સર્વે શરૂ થયો છે. હવે ડીટેઈલ એસ્ટીમેન્ટ, કેનાલની માપણી કરી ડીપીઆર (ડીટેલ પ્રોજેક્ટ રિપોર્ટ) તૈયાર કરી સરકારમાં ટેક્નિકલ અને વહીવટી મંજૂરી માટે મોકલાશે. મંજૂરી મળ્યા બાદ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાશે. પ્રોજેક્ટ સાકાર બનશે તો શહેરના મુખ્ય માર્ગો પરનું ટ્રાફિક ભારણ નોંધપાત્ર રીતે ઘટશે અને નાગરિકોને વૈકલ્પિક સુવિધાસભર માર્ગ મળશે.

# દીકરીને ખાખી વર્દી પહેરેલી જુએ એ પહેલા પિતા જિંદગીની જંગ હારી ગયા! ગાંધીનગરની કરુણ ઘટના

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૯

ગાંધીનગરમાં પોલીસ ભરતીની પ્રેક્ટિકલ પરીક્ષા દરમિયાન કરુણ ઘટના બની હતી. ગાંધીનગરના સેક્ટર ૨૭ ભરતી ગ્રાઉન્ડ પર દીકરી પરીક્ષા માટે મેદાનમાં દોડતી હતી, ત્યારે બહાર તેના પિતાનું મોત થયું હતું. રામજી રાઠોડ નામના વ્યક્તિનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હતું. તેઓ દીકરીને પરીક્ષા અપાવવા માટે લઈને આવ્યા હતા. પોલીસે પણ દુ:ખદ ઘટના પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. વાત એમ હતી કે, ગાંધીનગરના સેક્ટર ૨૭ પોલીસ ગ્રાઉન્ડ ખાતે મહિલા પોલીસ ભરતીની શારીરિક કસોટી યોજાઈ હતી. જેમાં ગુજરાતભરમાંથી અનેક યુવતીઓ આવી પહોંચ્યા હતા. પોતાની ખાખી વર્દી પહેરેલી જોવા માંગતી અનેક યુવતીઓ પોલીસ ગ્રાઉન્ડમાં આવી પહોંચી હતી. તો દીકરીઓને સાથે તેમના વાલીઓ પણ આવી પહોંચ્યા હતા. પોલીસ ગ્રાઉન્ડની બહાર




વાલી પહેરો લગાવી રહ્યા હતા, અને અંદર તેમની દીકરીઓ પોલીસ વર્દી પહેરવાના ખ્વાબ પૂરા કરવાની કસોટી આપી રહી હતી. બનાસકાંઠાના થરાદના મોટીપાવડ ગામના રામજીભાઈ હેમરાજભાઈ રાઠોડ પણ તેમની દીકરીને કસોટી આપવા માટે ગાંધીનગર લઈ આવ્યા હતા. દીકરી પરેડ ગ્રાઉન્ડ પર હતી, ત્યારે રામજીભાઈ બહાર હતા. સોમવાર રાતથી પિતા અને દીકરી ગ્રાઉન્ડ પર આવી ગયા હતા. જ્યાં વહેલી સવારે પાંચ વાગ્યે રામજીભાઈ બહાર રાહ જોઈ રહ્યા હતા, ત્યાં અચાનક તેઓને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. તે સમયે ત્યાં હાજર લોકો રામજીભાઈને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. પરંતુ હોસ્પિટલ પહોંચતા પહેલા જ તેઓએ દમ તોડ્યો હતો. તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આમ, એક પિતા પોતાની દીકરીને ક્યારેય ખાખી વર્દી પહેરેલી નહિ જોઈ શકે. તેઓ તે પહેલા જ જિંદગીની જંગ હારી ગયા હતા. તો બીજ તરફ, દીકરી પોલીસ ગ્રાઉન્ડમાં હોવાથી તેને કોઈ ખલેલ ન પહોંચે તે માટે તેને દુખદ સમાચાર આપવામાં આવ્યા ન હતા. દીકરી પિતાના મોતના સમાચારથી એકદમ અજાણ હતી. પરંતુ બહાર આવતા જ જેમ તેને આ વાતની જાણ થઈ, તેના પર તળેથી જમીન સરકી ગઈ હતી. બહાર રાહ જોનારા તેના પિતા જીવંત રહ્યા ન હતા, તે સમજવું તેના માટે મુશ્કેલ બન્યું હતું. દુખદ વાત તો એ છે કે, ત્યાં હાજર પોલીસ કર્મચારીઓમાં પણ શોકની લાગણી છવાઈ ગઈ હતી. આ બાબતની જાણ થતા જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. તેઓએ સંવેદના વ્યક્ત કરી હતી.

## ગોરખપુર-અમદાવાદ એક્સપ્રેસમાં યુવતી ટિકિટ વગર ચડી : TTEએ એસી કોચમાં લઈ ગયો

# રેલ્વે ટીટીની નરાધમતા : તાત્કાલિક સસ્પેન્ડ:ઇનામ જાહેર કરવામાં આવેલ




(એજન્સી) ગોરખપુર તા.૧૯

ગોરખપુર-અમદાવાદ એક્સપ્રેસમાં એક ટીટીઈએ ટિકિટ વગરની મહિલા સામે કાર્યવાહી કરવાની ધમકી આપીને તેને એસી ફર્સ્ટ ક્લાસ કેબિનમાં બળજબરીથી બેસાડી દીધી હતી અને ચાલુ ટ્રેને બળાત્કાર કર્યો હતો. રેલવે વહીવટીતંત્રે આ આરોપમાં આરોપી ટીટીઈને સસ્પેન્ડ કરી દીધો છે. આરોપીને પકડવા માટે ગોરખપુર અને દેવરિયાથી જીઆરપી ટીમો તૈનાત કરવામાં આવી છે. જે ટીટીઈ હજી સુધી પકડાયો નથી તેના માટે ઈનામ જાહેર કરવાની તૈયારી ચાલી રહી છે. આરોપી મૂળ બિહારના પટનાનો હોવાનું કહેવાય છે અને ઘટના પછીથી ફરાર છે. આરોપીની શોધ ચાલુ છે. તેની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે.

મઉની રહેવાસી ૨૨ વર્ષીય મહિલા ગોરખપુરમાં ભાડાના રૂમમાં રહે છે. રવિવારે. તે ગોરખપુર પહોંચવા માટે સાંજે ૫ વાગ્યાની આસપાસ ટ્રેનમાં ચડી હતી. તે એનસીસી સી પ્રમાણપત્રની પરીક્ષા આપીને પરત ફરી રહી હતી. સ્ટેશન પર ઉતાવળમાં, ટિકિટ ન મળતાં તે ટ્રેનમાં ચડી ગઈ. એવો આરોપ છે કે ટીટીઈએ ટિકિટ વગરની મુસાફરી બદલ તેની સામે કાર્યવાહી કરવાની ધમકી આપીને પહેલા તેને સીટ આપવાનું વચન આપ્યું હતું અને પછી તેને એસી ફર્સ્ટ ક્લાસ કેબિનમાં લઈ જઈને તેના પર બળાત્કાર કર્યો હતો.

પીડિતાના જણાવ્યા મુજબ, આરોપી પ્રતિકાર કરશે તો કાર્યવાહી કરવાની ધમકી આપી હતી. તે ટીટીઈના ચુંગાલમાંથી છટકી જવામાં સફળ રહી અને કેબિનમાંથી બહાર નીકળવામાં સફળ રહી ભાગી છૂટ્યા બાદ, તેણે ૧૧૨ પર ફોન કરીને પોલીસને ઘટનાની જાણ કરી આરોપી ટીટીઈ ત્યારબાદ દેવરિયા ખાતે ટ્રેનમાંથી નીચે ઉતરી ગયો અને ભાગી ગયો

બળાત્કાર ઉપરાંત, પોલીસે આરોપી પર તેની ફરજોમાં ગેરવર્તણૂકનો પણ આરોપ મૂક્યો છે. આ સરકારી અધિકારીઓને લાગુ પડે છે અને પાંચ વર્ષથી વધુની સજાની જોગવાઈ છે

## અમદાવાદ પોલીસનું મિશન ફિટનેસ: ૩૫૦૦થી વધુ પોલીસકર્મી મેદસ્વી

# શહેરના પોલીસકર્મીઓને લઈ ચિંતાજનક આંકડા સામે આવ્યા: મેડિકલ કેમ્પમાં ૫૪૩ અધિકારીઓ અને કર્મચારીઓ અત્યંત મેદસવી જણાયા

અમદાવાદ તા.૧૯

શહેરના પોલીસકર્મીઓને લઈ ચિંતાજનક આંકડા સામે આવ્યા છે. તાજેતરમાં અમદાવાદ શહેર પોલીસ દ્વારા યોજાયેલા મેડિકલ કેમ્પમાં ૫૪૩ અધિકારીઓ અને કર્મચારીઓ અત્યંત મેદસવી જણાયા હતા. જ્યારે ૨૯૯૯ કર્મચારઓને ઓવર વેઈટ શ્રેણીમાં રાખવામાં આવ્યા હતા. પોલીસ દળમાં વધી રહેલી શારીરિક અક્ષમતાના કારણે ઉચ્ચ અધિકારીઓએ ફિટનેસ વર્કશોપ, પરેડ ડ્રીલ અને ડાયટ કંટ્રોલના આદેશ આપ્યા હતા. અમદાવાદને દેશના સૌથી સુરક્ષિત શહેરોમાં રાખવાનું ગૌરવ લેનારા આ દળ માટે ઉપરોક્ત તારણોએ ફિટનેસ બાબતે કડક પગલાં લેવાની ફરજ પાડી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આધુનિક સમયમાં પોલીસ માટે સ્ટેમિના, રિફ્લેક્સિસ અને શારીરિક સજ્જતા ખૂબ જરૂરી છે. પોલીસ અધિકારીઓએ કટોકટીના સમયે પ્રતિસાદ આપવા માટે શારીરિક રીતે ફિટ હોવું જોઈએ. પોલીસિંગ ફિલ્ડ વર્ક છે અને ઘણીવાર તે ખૂબ તણાવપૂર્ણ હોય છે.

અત્યંત મેદસ્વી જણાયેલા ૫૪૩ અધિકારીઓને વજન ઘટાડવા માટેના ખાસ વર્કશોપમાં મોકલવામાં આવ્યા છે. બાકીના કર્મચારીઓને સ્થિતિ વધુ વણસે તે પહેલાં તેમની જીવનશૈલી સુધારવા માટે ચેતવણી આપવામાં આવી છે. ઉચ્ચ અધિકારીઓએ એક સરળ ફોર્મ્યુલા તૈયાર કરી છે. જે મુજબ તળેલા નાસ્તામાં ઘટાડો, જમવાનો શિસ્તબદ્ધ સમય, નિયમિત




**પોલીસ અધિકારીઓમાં મેદસ્વિતા એક ચિંતાનો વિષય છે. જેના નિવારણ માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પોલીસ અધિકારીઓ માટે ખાસ પરેડ, ફિટનેસ ટિપ્સ, યોગાસન અને જંકફૂડ પર પ્રતિબંધ જેવા પગલાં લેવામાં આવી રહ્યા છે. અધિકારીઓ સ્વસ્થ અને ચપળ રહે તે માટે ફિટનેસ સુધારવા માટે દરરોજ ૩૦ મિનિટ યોગ અને શારીરિક પ્રવૃત્તિઓ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.**

પરેડમાં હાજરી અને રમતગમત તેમજ ફિટનેસ પ્રવૃત્તિઓમાં ફરજિયાત ભાગીદારી કરવામાં આી છે. પોતાની કડદ ફિટનેસ માટે જાણીતા એક અધિકારીએ જણાવ્યું હતું કે, અમે તેમને વધુ પડતો તળેલો ખોરાક, ખાસ કરીને બહારના ફેરિયાઓ પાસેથી ખાવાનું ટાળવાની સલાહ આપી છે. માત્ર વર્કશોપમાં હાજરી આપવાથી મદદ નહીં મળે. ખાવાની ટેવ અને સમયસરનો આહાર મહત્વપૂર્ણ છે.

જેઓ ઉચ્ચ ફિટનેસ સ્ટાન્ડર્ડ જાળવે છે. તેમને તેમના અધિકારક્ષેત્રમાં અનફિટ કર્મચારીઓને ઓળખવાની જવાબદારી સોંપવામાં આવી છે. ઢઝૅ અને છઝૅ રેક્નના અધિકારીઓ તેમના પર ઉજર રાખશે. ફિટ થઈ જાઓ અથવા ડેસ્ક ડ્યુટી પર ટ્રાન્સફર થાવ તેઓ ઉપરથી સ્પષ્ટ આદેશ છે.

એક મહિલા પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, અમે સમજીએ છીએ કે પોલીસિગ ૨૪ ટ ૭ની નોકરી છે. કડક ડાયટ જાળવવો કે પૂરતો આરામ મેળવવો મુશ્કેલ છે. પરંતુ જ્યારે તમે દળમાં જોડાઓ છો. ત્યારે તમે આ વ્યવસાયની માંગ જાણો છો. જીવનશૈલીમાં ફેરફાર એ યુનિફોર્મનો જ એક ભાગ છે. ૭ ડિસેમ્બર ૨૦૨૫ થી ૫ ફેબ્રુઆરી ૨૦૨૬ વચ્ચે ૯૬૮ કર્મચારીઓએ વેઈટ-મેનેજમેન્ટ વર્કશોપમાં હાજરી આપી હતી. ૪ એપ્રિલ ૨૦૨૫ થી ૨૨ જુલાઈ ૨૦૨૫ ના સમયગાળાની સરખામણીએ આમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. તે સમયે ૨૦૩૧ અધિકારીઓએ આવા વર્કશોપમાં ભાગ લીધો હતો. હવે વિભાગે ઓવરવેઈટ કર્મચારીઓ માટે વર્કઆઉટ સત્રો અને વર્કશોપમાં હાજરી ફરજિયાત બનાવી છે. જોકે, અધિકારીઓએ સ્વીકાર્યું હતું કે ફફૅ મૂવમેન્ટ અને બંદોબસ્ત ડ્યુટીને કારણે કેટલાક કર્મચારીઓ આ સત્રોમાં આવી શકતા નથી.

ઉલ્લેખનીય છે કે પોલીસ અધિકારીઓમાં મેદસ્વિતા એક ચિંતાનો વિષય છે. જેના નિવારણ માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પોલીસ અધિકારીઓ માટે ખાસ પરેડ, ફિટનેસ ટિપ્સ, યોગાસન અને જંકફૂડ પર પ્રતિબંધ જેવા પગલાં લેવામાં આવી રહ્યા છે. અધિકારીઓ સ્વસ્થ અને ચપળ રહે તે માટે ફિટનેસ સુધારવા માટે દરરોજ ૩૦ મિનિટ યોગ અને શારીરિક પ્રવૃત્તિઓ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

# ગુજરાત સરકારે નોકરીના કલાકો ૯થી વધારી ૧૦ કર્યા



(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૯

ગુજરાત વિધાનસભામાં દુકાન અને સંસ્થા સુધારા બિલ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું છે, જે મુજબ હવે દૈનિક કામના કલાકોની મર્યાદા ૯ કલાકથી વધારીને ૧૦ કલાક કરવામાં આવી છે. મહિલાઓને નાઈટ શિફ્ટ કરવાની છૂટ આપી અને ૨૦થી વધુ કર્મચારી કામ કરતા હોય એ સંસ્થા પર નિયમ લાગુ પડશે. આ બિલની ચર્ચા દરમિયાન ગૃહમાં ભારે હંગામો જોવા મળ્યો હતો. આમ આદમી પાર્ટીના ધારાસભ્યો ગૃહની કાર્યવાહીનું લાઈવ પ્રસારણ કરવાની માગ સાથે પોસ્ટરો પ્રદર્શિત કરીને વિરોધ નોંધાવ્યો હતો. વિધાનસભામાં શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળીયા દ્વારા રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો)અધિનિયમનું સુધારા બિલ આજે રજૂ કરવામાં આવ્યું હતું. જેને ગૃહના સભ્યો દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯માં કામદારોની કામની સ્થિતિમાં સુધારો કરવા, સ્ત્રીઓ માટે નોકરીની વધુ તકો ઊભી કરવા, ધંધો કરવા માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવા, વર્ષમાં ૩૬૫ દિવસ સંસ્થા ચલાવવાની અને સંસ્થા ખોલવાના અને બંધ કરવાના સમયની સ્વતંત્રતાનો, સ્ત્રીઓને પૂરતી સુરક્ષા અને સલામતીની જોગવાઈઓ સાથે રાતપાળી દરમિયાન કામ કરવાની પરવાનગી, ઓનલાઈન રજિસ્ટ્રેશન જેવી વિવિધ જોગવાઈ કરવામાં આવી છે. મંત્રી બાવળીયાએ કહ્યું હતું કે, આજના આધુનિક સમયની માંગ મુજબ અને ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ અંતર્ગત તેમજ રાજ્યની બદલાતી જતી સામાજિક અને આર્થિક પરિસ્થિતિઓને અનુરૂપ શ્રમયોગીઓ, વેપારીઓ, માલિકો તથા પ્રજાજનો એમ તમામના હિતોનો તટસ્થ રીતે વિચાર કરીને ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ, ૨૦૧૯માં સુધારો કરવા અંગેનું વિધેયક લાવવામાં આવ્યું છે.

# શહેરમાં ૬૦ લાખના ડિજિટલ એરેસ્ટ કેસમાં આરોપીના બે દિવસના રિમાન્ડ મંજૂર

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૯

ગુજરાતમાં ડિજિટલ એરેસ્ટના બનાવો પ્રકાશમાં આવી રહ્યાં છે. આ પ્રકારના બનાવોમાં સુરતમાંથી એક આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસે ૬૦.૧૪ લાખના ગુનામાં પ્રતિક શુક્લાને ઝડપી પાડ્યો છે. સાયબર ક્રાઈમ સેલની તપાસમાં આરોપી ઝડપાયો છે. આ ગુનામાં અગાઉ પોલીસે અંકુર નામના શખ્સને ઝડપ્યો હતો. તેણે બેંક એકાઉન્ટ ભાડે આપ્યું હતું. આરોપીના બે દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે.

સુરતમાં સાયબર ક્રાઈમ સેલ દ્વારા ૬૦.૧૪ લાખના ગુનામાં સંડેવાયેલા નાસતા ફરતા આરોપીને પકડી પાડ્યો છે. આરોપી પ્રતિક માતાપ્રસાદ શુક્લાને પોલીસે ઝડપી પાડ્યો છે. આ ગુનામાં અગાઉ અંકુર નામનો શખ્સ પોલીસના હાથે ઝડપાયો હતો. તેણે પોતાનું બેંક એકાઉન્ટ ભાડે આપ્યું હતું. પ્રતિકના બેંક એકાઉન્ટમાં ફરિયાદીના ૨૬.૪૧ લાખ રૂપિયા આવ્યા હતાં. પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરીને બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

## વડોદરા કોર્પોરેશનમાં ઇતિહાસ રચાયો

# બજેટ સભામાં હોબાળો થતાં મેયરે વિપક્ષના ૭ સભ્યને સસ્પેન્ડ કર્યા

વડોદરા,તા.૧૯

વડોદરા મહાનગરપાલિકાની બજેટલક્ષી સામાન્ય સભા આજે લોકશાહીના ઈતિહાસમાં યાદગાર બની ગઈ છે. એકતરફ સમય ફાળવણીના મુદ્દે થયેલા હોબાળા બાદ મેયરે કડક વલણ અપનાવી વિપક્ષના તમામ સભ્યોને સસ્પેન્ડ કરી દીધા છે, તો બીજી તરફ ભાજપના એક વરિષ્ઠ કાઉન્સિલરે ચાલુ સભામાં જ ચૂંટણીના રાજકારણમાંથી નિવૃત્તિ જાહેર કરીને સૌને ચોંકાવી દીધા છે.

બજેટ પરની ચર્ચા દરમિયાન વિપક્ષી સભ્યોને બોલવા માટે ફાળવવામાં આવેલા સમયના મુદ્દે ભારે ખેંચતાણ થઈ હતી. વિપક્ષી સભ્યોએ મેયર સામે ઉગ્ર વિરોધ નોંધાવી સભામાં હોબાળો મચાવ્યો હતો. સ્થિતિ કાબૂ બહાર જતી જોઈ મેયર પિંકી સોનીએ શિસ્તભંગના પગલાં લેતા વિપક્ષના તમામ ૭ સભ્યોને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો. વડોદરા કોર્પોરેશનના ઈતિહાસમાં આ પ્રથમ ઘટના છે જ્યારે આખેઆખા વિપક્ષને સભામાંથી બહાર કરી દેવામાં આવ્યો હોય.

સભામાં જ્યારે રાજકીય ગરમાવો હતો, ત્યારે વોર્ડ નંબર ૩ ના ભાજપના પીઢ કાઉન્સિલર પરાક્રમસિંહ જાડેજાએ ઉભા થઈને જાહેરાત કરી કે, ‘‘હવેથી તેઓ કોઈ પણ પ્રકારની ચૂંટણી લડશે નહીં.’’ છેલ્લા ૧૦ વર્ષથી ભાજપમાં સક્રિય અને સૌના માનીતા પરાક્રમસિંહે જણાવ્યું કે હવે નવા કાર્યકરોને તક મળવી જોઈએ. તેમણે ખાતરી આપી કે તેઓ ચૂંટણી નહીં લડે પણ આજીવન ભાજપના કાર્યકર તરીકે સેવા આપતા રહેશે અને નવા ઉમેદવારને જીતાડવાની જવાબદારી પણ પોતે લેશે.

પરાક્રમસિંહની આ જાહેરાત બાદ સભામાં હાજર તમામ સભ્યો ભાવુક જોવા મળ્યા હતા. મેયર પિંકી સોનીએ જણાવ્યું કે, પરાક્રમસિંહ હંમેશા મહિલા કાઉન્સિલરોને ‘બેનબા’ કહીને સંબોધતા અને પિતાતુલ્ય પ્રેમ આપતા. વિપક્ષી સભ્ય પુષ્પા વાઘેલાએ પણ પરાક્રમસિંહના કામના વખાણ કર્યા હતા અને નવા સભાગૃહમાં તેમનું નામ જોડાય તેવી લાગણી વ્યક્ત કરી હતી.

Volume : 11 Issue : 305 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002